

પરમાગમસારભૂત સ્વાનુભૂતિનો યુગ સર્જ્યો ઉજમાળ રે,
દ્રવ્યસ્વતંત્રતા, જ્ઞાયકવિશુદ્ધતા વિશ્વે ગજાવનહાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે.

કહાન સંવત-૧૧ □ (૫૭૦) ❋ આત્મધર્મ ❋ (અંક-૧૦ વર્ષ-૪૭) □ વીર સં. ૨૫૧૭ એપ્રિલ, ૧૯૯૧

સ્વાનુભવપ્રેરણામૂર્તિ સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશક કરુણાસાગર

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનો

# ૧૦૨ મો જન્મજયંતી મહોત્સવ

[ તા. ૧૧-૫-૯૧ થી તા. ૧૫-૫-૯૧ ]

મુમુક્ષુ-સમાજ ઉપર અનંત અનંત ઉપકાર કરનાર, ૪૫-૪૫ વર્ષ સુધી ધર્મની અમૃતવર્ષા વરસાવીને જિજ્ઞાસુઓને મુક્તિનો માર્ગ બતાવી પુરુષાર્થની પ્રેરણા આપનાર, જિનાગમના અનેક સૂક્ષ્મ સિદ્ધાંતોના ગૂઢભાવોને સરળ શૈલી દ્વારા સમજાવીને સ્વાનુભૂતિનો માર્ગ દર્શાવનાર તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેને જેઓશ્રીની અનુપમ મહિમા સમજાવી છે એવા આપણા વહાલા ધર્મપિતા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૨ મી મંગલ જન્મજયંતી—વૈશાખ સુદ બીજ —નો મંગલ મહોત્સવ પ્રથમ વૈશાખ વદ ૧૨, શનિવાર, તા. ૧૧-૫-૯૧થી દ્વિતીય વૈશાખ સુદ બીજ ( એકમનો ક્ષય ), બુધવાર, તા. ૧૫-૫-૯૧ —પાંચ દિન સુધી 'શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા', પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભવપ્રધાન અધ્યાત્મતત્ત્વસભર અલૌકિક ટેપ-પ્રવચનો, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચન, વિડિયો દ્વારા ગુરુદર્શન આદિ વિવિધ ધાર્મિક કાર્યક્રમો દ્વારા, અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

આ મંગલ પ્રસંગે ઉપરોક્ત ધાર્મિક કાર્યક્રમોનો લાભ મળવા ઉપરાંત અત્રે સુંદર જિનાલયોમાં બિરાજમાન વીતરાગી જિન-ભગવંતોના દર્શનનો તેમ જ આપણા આદરણીય વિદ્વદ્રત્ન પંડિત શ્રી હિમતલાલભાઈ જે. શાહની પ્રસંગોચિત્ત ભાવવાહી સુંદર શૈલીમાં કરાવવામાં આવતી પૂજા-ભક્તિનો પણ લાભ મળશે.

માટે, આ આત્મહિતપ્રેરક મંગલકારી ૧૦૨ મી જન્મજયંતીનો પુનીત-મહોત્સવ ઉજવવા અત્રે પધારવા સકલ મુમુક્ષુ સમાજને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી હાર્દિક આમંત્રણ છે.

કહાન
સંવત-૧૧
વર્ષ-૪૭
અંક-૧૦
[ ૫૭૦ ]




વીર
સંવત
૨૫૧૭
સં. ૨૦૪૭
APR.
A.D. 1991

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# * અચિંત્ય અનંત જ્ઞાન–સ્વભાવ *

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સળંગ પ્રવચન નં. ૩૦ )

શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથના પ્રથમ અધિકારની ૪૬ મી ગાથા શરૂ થાય છે. શબ્દાર્થ લઈએ.

'હે યોગી!' કહીને જેણે શુદ્ધ ચિદાનંદ આત્મા સાથે સંબંધ—જોડાણ કર્યું છે તેને યોગી કહીને સંબોધન કર્યું છે.

આત્મા ખરેખર કેવો છે?–કે, નિજ સ્વભાવથી ભિન્ન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ પાંચ પ્રકારના પરિવર્તનરૂપ સંસારથી રહિત છે. શુદ્ધ જ્ઞાનઘનનો પરદ્રવ્ય સાથે સંસર્ગ થવો તે દ્રવ્યસંસાર છે, પરક્ષેત્રમાં ભ્રમણ કરવું તે ક્ષેત્રસંસાર છે, દરેક કાળમાં પરિભ્રમણ કરવું તે કાળસંસાર છે, નરકાદિ ચાર ગતિમાં ભ્રમણ તે ભવસંસાર છે અને શુભ-અશુભભાવોમાં રખડવું તે ભાવસંસાર છે. આ પાંચ પ્રકારના પરાવર્તનરૂપ સંસાર નૈવ એટલે વસ્તુમાં નથી.

વસ્તુનું સ્વરૂપ તો અનાદિ-અનંત, જ્ઞાનઘન, આનંદની મૂર્તિ છે અને રાગાદિ વિકાર, મિથ્યાત્વ અને પાંચ પ્રકારના સંસાર તો તેનાથી વિરુદ્ધભાવ છે માટે તે વસ્તુના સ્વરૂપમાં નથી અને સંસારના કારણરૂપ એવા કર્મના પ્રકૃતિબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધરૂપ આ ચાર પ્રકારના બંધ પણ વસ્તુમાં નથી. દ્રવ્યબંધના કારણે

ભાવબંધ થાય છે અને ભાવબંધના કારણે દ્રવ્યબંધ થાય છે. તે બંનેનો વસ્તુના સ્વભાવમાં અભાવ છે. દ્રવ્યસ્વભાવ તો એકલા જ્ઞાનાનંદનો ઘનપિંડ છે તેમાં સંસાર અને સંસારના કારણરૂપ બંધનો અભાવ છે. માટે આત્મા સંસાર રહિત-મોક્ષસ્વરૂપ છે અને બંધરહિત-અબંધસ્વરૂપ છે.

જુઓ! આ ધનતેરસની લક્ષ્મી આવી. આ તમારાં ધૂળના ધનની પૂજા કરવાની વાત નથી. અહીં તો ચૈતન્યધન, કેવળજ્ઞાનરૂપી ધનની પૂજા કરે તેણે પૂજન કર્યું કહેવાય. ચોપડામાં લખે ને, આ'ગસ જાવ ને ધન આવો. તેનો અર્થ શું?—કે, ચિદાનંદલક્ષ્મી આવો અને ભવભાવનો નાશ થાઓ.

આઠ કર્મોનો બંધ કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયની પ્રગટતારૂપ મોક્ષથી વિરુદ્ધ છે. સ્વભાવથી સંસાર વિરુદ્ધ છે અને મોક્ષથી બંધ વિરુદ્ધ છે. આ સંસાર અને બંધ રહિત નિજ સ્વભાવને હે યોગી! તું મનમાંથી બધાં લૌકિક વ્યવહારને છોડીને અને વીતરાગ-સમાધિમાં સ્થિર થઈને જાણ, અર્થાત્ ચિંતવન કર! એમ કહે છે.

જુઓ! મનથી લૌકિક વ્યવહાર છોડીને...તેમાં શું કહેવા માગે છે કે, બહારથી બાયડી-છોકરાં છોડીને એમ નહિ પણ મનમાંથી વિકલ્પરૂપ સંસારને છોડીને અને વીતરાગસમાધિમાં ઠરીને આત્માને જાણ! રાગરહિત નિર્વિકલ્પ શ્રદ્ધા, રાગરહિત જ્ઞાન અને રાગરહિત શાંતિમાં ઠરીને તું આત્માને જાણ! અરાગી પરિણતિ વડે આત્માને જાણ! આત્મા આવો છે એમ એકલું જાણી લે એમ નહિ, વીતરાગસમાધિમાં ઠરીને આત્માને જાણ! આ રીતે આત્મલક્ષ્મીનું પૂજન થાય છે.

પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ તારી ચીજમાં વિકલ્પ આદિ ભાવસંસાર નથી માટે વિકલ્પાદિ સંસારભાવને, અરાગીભાવમાં ઠરીને આત્માને જાણ! ઉદયભાવનો આત્મામાં અભાવ છે માટે તેને મનમાંથી છોડી દે અને સ્વભાવની શ્રદ્ધા, શાંતિ અને ચારિત્ર દ્વારા ધીરજથી ઠરીને ચૈતન્ય-લક્ષ્મીસંપન્ન આત્માને જાણ! અને તેનું ચિંતવન અથવા ધ્યાન કર!

બહુ મોટી વાત કરી પ્રભુ! પહેલું શું કરવું?—કે આ જ પહેલું કરવાનું છે.

શ્રોતા:—વર્તન કેમ કરવું? મુંઝવણ થઈ જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી:—આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ અને સ્થિરતા એ જ વર્તન છે. અનાદિથી મનમાં શુભ-અશુભભાવનું વર્તન થઈ રહ્યું છે કે જેનો સ્વરૂપમાં અભાવ

છે ત્યાંથી પડખું ફેરવીને વિકલ્પરહિત સ્વભાવમાં એકાગ્રતા કરીને તેને જાણ! તેનું વર્તન કર!

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનઘન શાશ્વત અનંત છે એટલે શાશ્વતમાં ક્યાંય તેનો અંત નથી. તેની અનુભૂતિમાં સંસાર અને બંધનો અભાવ છે. લોકો વ્યવહાર કરો... વ્યવહાર કરો તો ધર્મ થાય એમ પોકાર કરે છે પણ ભાઈ! એ વ્યવહારનો વસ્તુમાં અભાવ છે. જે વિકલ્પ વડે તું લાભ લેવા માગે છે તે વિકલ્પો વસ્તુમાં નથી. માટે એવો નિર્ણય કર કે, મારામાં વિકલ્પરૂપ સંસારભાવનો અભાવ છે. એમ નિર્ણય કરીને, સંસારભાવનું લક્ષ છોડીને, જેમાં એ સંસાર નથી પણ અનંત આનંદ આદિ પૂર્ણ ગુણોથી ભરેલો સ્વભાવ છે તેનું લક્ષ કર! તેમાં અંતર નજર કર! શાંતસ્વભાવમાં ઠર! તો તને આનંદ થશે.

અહીં તો જેને આત્મા પ્રાપ્ત કરવો હોય અથવા પરમાત્મસ્વરૂપ સમજવું હોય તેને માટેની વાત છે. બાકી શુભ વ્યવહારના તો અનેક પ્રકારો હોય છે પણ તે કાંઈ આત્મા નથી કે આત્મપ્રાપ્તિના ઉપાય પણ નથી. માટે તે શુભવિકલ્પોથી ધર્મ કે મોક્ષ થતો નથી.

ભાવાર્થ:—શુદ્ધાત્માની અનુભૂતિથી ભિન્ન જે સંસાર અને સંસારનું કારણ બંધ તે બંનેથી રહિત અને આકુળતાથી રહિત એવા લક્ષણવાળો મોક્ષના મૂળ કારણરૂપ જે શુદ્ધાત્મા છે તે જ સર્વથા આરાધવા યોગ્ય છે.

જુઓ! આત્માને સંસાર, બંધ અને આકુળતાથી રહિત લક્ષણવાળો અને મોક્ષનું મૂળ કારણ કહ્યો છે. તેની અનુભૂતિ એટલે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ અને સ્થિરતા વડે પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ પ્રાપ્ત થાય છે માટે આવો શુદ્ધાત્મા જ આરાધવા યોગ્ય છે.

એમ કહે છે કે, તારે મોક્ષ માટે કાંઈ કામ કરવું છે કે ખાલી વાતો જ કરવી છે? મોક્ષ એટલે પૂર્ણ શાંતિ અને સુખની પ્રાપ્તિના કામ માટે આ અબંધ અને અસંસાર લક્ષણવાળા આત્માને જાણ અને તેમાં ઠર! આત્મા બંધ અને સંસારના લક્ષણથી રહિત છે અને અબંધ-મુક્તસ્વભાવ અને સંસારના અભાવ લક્ષણવાળો છે તેના આશ્રયથી સંસારરહિત મુક્ત-અવસ્થા પ્રાપ્ત થાય છે.

વસ્તુ પોતે બંધ અને સંસારથી રહિત છે. વર્તમાન અવસ્થામાં હું આ ભાવસ્વરૂપ છું, પર્યાય જેવડો છું એવી ભ્રાંતિ છે તેનાથી આત્મા રહિત છે. શરીર, વાણી, મન તો પરદ્રવ્ય જ છે તેનાથી તો આત્મા રહિત જ છે પણ પર્યાયમાં જે

મિથ્યાભ્રાંતિરૂપ સંસાર છે તેનાથી પણ રહિત લક્ષણવાળો આત્મા છે અને પ્રકૃતિ, પ્રદેશ આદિ ચાર પ્રકારના કર્મબંધથી પણ આત્મા રહિત લક્ષણવાળો છે. સંસારના અને બંધના લક્ષણવાળો આત્મા નથી. આત્મા તો અબંધ અને મુક્ત લક્ષણવાળો છે એવા સ્થિર લક્ષણવાળા આત્મામાં એકાગ્ર થઈને, 'આ હું છું' એમ જાણ.

એક તરફ ભગવાન અને એક તરફ અભગવાન છે. બંનેનો એકબીજામાં અભાવ છે. ભગવાન શુદ્ધ, અનાદિ-અનંત, આનંદકંદ, ચિદાનંદઘન મહિમાવંત પદાર્થ છે અને સંસાર અને બંધભાવ તે અભગવાન છે—મહિમા વિનાની ચીજ છે તેનો ભગવાનમાં અભાવ છે અને ભગવાનનો તેમાં અભાવ છે.

પણ એને કાંઈ નિર્ણય કરવો નથી, સમજણની દરકાર કરવી નથી અને ધર્મ કરવો છે. ધર્મ કરવો છે તો ધર્મદશા કરનારો કેવડો છે, ધર્મ થાય એવા સ્વભાવવાળો છે કે અધર્મ સ્વભાવવાળો છે? તે સમજવું પડશે ને!

આમાં કાંઈ વધુ ભણતરની જરૂર નથી. જેમ સાકર છે તેમાં સાથે મેલ પણ છે તે બંને જુદી ચીજ છે તો દૂધ નાંખતા જુદી પડી જાય છે ને! સાકર તો મીઠાશ લક્ષણવાળી છે, મેલ લક્ષણવાળી નથી. તેમ આત્મા અને વિકાર વર્તમાનમાં સાથે રહેલાં છે પણ આત્મા તો નિર્મલ લક્ષણવાળો ચિદાનંદ અમૃતનો ગોળો છે તે વિકાર-મેલ લક્ષણવાળો નથી.

પ્રભુ! તારું લક્ષણ શું છે એ જાણ્યા વિના લક્ષ્ય હાથમાં શી રીતે આવશે? રાગ-દ્વેષ, પુણ્ય-પાપ એ તારાં લક્ષણ છે? એ તો વિકારના લક્ષણ છે. તેનાથી તો બંધ હાથમાં આવશે. તું તને કેવી રીતે હાથમાં આવે? કે, જેમ સાકર એકલો મીઠાશનો ગોળો છે એમ, આત્મા અરૂપી, નિરાલંબી, શુદ્ધ જ્ઞાનનો ગોળો છે તેને કોઈ પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના કે વિકારના આધારની જરૂર નથી. એવા પર અને વિકારના આધારથી રહિત અદ્ધર બિરાજતો નિરાલંબી ચૈતન્ય, તેને ચિદાનંદ લક્ષણ વડે લક્ષિત કર તો તેનો તને અનુભવ થાય. તેમાં કાંઈ બહુ ગડિયાં ભણવા પડે તેમ નથી.

આવા ચૈતન્યભગવાનની પૂજા કરવા જેવી છે.

હવે આગળ ૪૭ મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે, જગતમાં એવો કોઈ પદાર્થ નથી કે જે જ્ઞાનમાં જણાવામાં ન આવે. બધાં જ પદાર્થ જ્ઞાનમાં પ્રતિભાસે છે એવું પરમાત્માનું જ્ઞાન સર્વવ્યાપક છે.

અહીં પરમાત્માના પ્રગટ જ્ઞાનની વાત કરી છે પણ દરેક આત્મામાં જ્ઞાનની

એવી સર્વવ્યાપક શક્તિ રહેલી છે. શક્તિએ કે વ્યક્તિએ જ્ઞાન સર્વવ્યાપક છે એટલે કે કાંઈ પણ જાણ્યા વિનાનું રહે એવો એનો સ્વભાવ નથી. આનું નામ જ્ઞાનલક્ષ્મી સરસ્વતી છે. આવો દરેકનો ચૈતન્ય જ્ઞાનલક્ષ્મીવાળો આત્મા છે પણ અનંતકાળમાં કદી એણે (અજ્ઞાનીએ) પ્રતીત કરી નથી.

જેનો સ્વભાવ 'જાણવું' છે તેમાં, આને ન જાણે એવું ક્યાંથી આવે? જાણવામાં જાણવું...જાણવું...જાણવું જ આવે, તેમાં કેટલું જાણવું આવે તે સમજાવે છે કે જેમ, માંડવા ઉપર વેલ ચડે છે ને! તે ક્યાં સુધી જાય કે જ્યાં સુધી મંડપનો ઉપલો ભાગ હોય ત્યાં સુધી ચડે પણ પછી આગળ મંડપનો સહારો નહિ હોવાથી વેલ ત્યાં અટકી જાય છે. વેલની આગળ વધવાની શક્તિ તો ઘણી છે પણ મંડપના સહારાના અભાવે આગળ વધતી નથી. વેલડી આઘી જતી નથી માટે શક્તિ નથી એમ નથી, શક્તિ તો ઘણી છે પણ મંડપ હોય ત્યાં સુધી જ ફેલાય છે. તેમ જ્ઞાન પણ જ્યાં સુધી જ્ઞેયો છે ત્યાં સુધી ફેલાય જાય છે, તેનાથી વધુ જ્ઞેયો નથી માટે જાણતું નથી. જ્ઞાનની શક્તિ તો ઘણી છે.

જુઓ! આમાં ઊંધા અભિપ્રાયવાળા જીવો ઊંધો અર્થ કાઢે કે નિમિત્ત હોય એટલું જ જ્ઞાન થાય છે; પણ અહીં એ સિદ્ધ નથી કરવું. અહીં તો એ સિદ્ધ કરવું છે કે જ્ઞાનની શક્તિ તો ઘણી છે પણ આગળ કોઈ જ્ઞેય જ નથી તો કોને જાણે! આમ કહીને જ્ઞાનની અનંતી શક્તિ સિદ્ધ કરવી છે. નિમિત્ત નથી માટે જ્ઞાન નથી એમ સિદ્ધ નથી કરવું.

લોકાલોક અને ત્રણકાળને તો જાણે પણ તેનાથી વિશેષ જ્ઞેય જ નથી તો જ્ઞાન કોને જાણે? જ્ઞેયોનું અવલંબન ન મળવાથી જ્ઞાનમાં જાણવાની શક્તિ હોવા છતાં વિશેષ જાણતું નથી. ટીકાકારના આ શબ્દમાંથી કોઈ તર્ક કાઢે કે જુઓ, ઉપાદાનમાં શક્તિ તો ઘણી છે પણ નિમિત્ત નથી તો કાર્ય ક્યાંથી કરે. અરે! ભગવાન, તારી પણ બલિહારી છે! અહીં તો અવલંબન નથી એમ કહીને જ્ઞાનની શક્તિની વિસ્તૃતતા બતાવે છે. નિમિત્તનો અભાવ છે માટે કાર્ય થતું નથી એમ અહીં સિદ્ધ નથી કરવું.

વલેપિ—એટલે જાણવાની શક્તિ હોવા છતાં પણ લોકાલોક અને ત્રણકાળમાં જેટલાં જ્ઞેય છે તેને જાણે છે એમ કહીને એટલી જ જાણવાની શક્તિ છે એમ નથી એ વાત સિદ્ધ કરવી છે.

અરે! તું ચૈતન્ય આનંદકંદ, તારી અનંત અથાહ જાણવાની શક્તિ છે તેની પાસે શું શરીર, શું રાગ અને શું લોકાલોક, તેની કોઈ ગણતરી નથી. એવી અમાપ

શક્તિ તારામાં રહેલી છે. મંડપને હદ છે પણ વેલડીને હદ નથી. એમ કહીને વેલડીની શક્તિ બતાવવી છે. મંડપની પ્રધાનતા બતાવવી નથી.

જેમ આમાંથી નિમિત્તની પ્રધાનતાનો તર્ક ઉઠે છે તેમ શાસ્ત્રમાં એવો પણ પાઠ છે કે સિદ્ધનો અનંત ઊર્ધ્વગમન સ્વભાવ છે પણ આગળ ધર્માસ્તિકાય નથી માટે લોકાગ્રથી ઉપર સિદ્ધ જતાં નથી એમ કહીને ધર્માસ્તિકાયની પ્રધાનતા બતાવવી નથી પણ, સિદ્ધના ઊર્ધ્વગમન સ્વભાવની અનંતતા બતાવવી છે. શક્તિ તો ઘણી છે પણ શક્તિ જેટલું કામ કરે છે એટલું જ નિમિત્ત હોય છે એ સિદ્ધ કરવું છે.

નિયમસારમાં એવો પાઠ આવે છે કે, કાળદ્રવ્યના અભાવમાં કોઈ દ્રવ્યનું પરિણમન ન થાય અને જો પરિણમન ન થાય તો પર્યાય વગર દ્રવ્ય પણ ન રહે. આમ, કાળદ્રવ્ય ન હોય તો કોઈ વસ્તુ જ ન હોય. આમ કહીને શું સિદ્ધ કરવું છે કે, દ્રવ્યના પરિણમન વખતે જે નિમિત્ત ચીજ છે તે કાળદ્રવ્ય છે. આમ, નિમિત્તને સિદ્ધ કરવા જાય છે ત્યાં લોકો નિમિત્તનું જોર માનવા લાગે છે.

અહીં પણ મંડપ-વેલડીના દૃષ્ટાંતે જ્ઞાનની અનંત શક્તિ બતાવવી છે કે જેનો જે સ્વભાવ છે તેમાં મર્યાદા હોતી નથી. જેમ આકાશ છે...છે...છે...તેમાં હવે આગળ આકાશ નથી એમ ક્યારેય બનતું નથી, તેમ જ્ઞાનની પર્યાય અને ગુણ આદિમાં છે... છે...છે...તેમાં કોઈ અંત નથી એટલું છે.

અરે, એના પોતાના માહાત્મ્યની વાત કહેવાય છે ત્યાં પોતાનું માહાત્મ્ય સ્વીકારતો નથી અને નિમિત્તનું માહાત્મ્ય કરવા લાગે છે. એની પણ બલિહારી છે ને! એને ઘડ જ ઊંધી બેસી ગઈ હોય છે. ઊંધેથી જ જુએ છે. નિયમસારમાં કહ્યું છે કે, પુદ્ગલ વિના લોકયાત્રા ન થાય તેમાં શું કહેવું છે કે, ગતિ કરવાની જીવની યોગ્યતા છે પણ તે કાયમી સ્વભાવ નથી એટલે પુદ્ગલના લક્ષે પોતાની યોગ્યતાથી એટલું પરિણમન છે એમ કહેવું છે. પણ ત્યાં અજ્ઞાની એમ અર્થ કરે કે, જુઓ! પુદ્ગલ વિના જીવની ગતિ નથી. આ ગાથામાં એમ અર્થ લે કે, જ્ઞેય વિના જ્ઞાન કામ કરતું નથી, ધર્માસ્તિકાય વિના સિદ્ધો આગળ ગમન કરી શકતાં નથી. આમ ઊલટાં અર્થ કરે તેમાં તેની સાથે ચર્ચા શું કરવી?

જેનો જે સ્વભાવ છે તેને મર્યાદા શું કહેવી? જેની અસ્તિ છે...છે...છે...છે તેમાં નાસ્તિ ક્યાં આવે? તેમ જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે તે કોને ન જાણે? બધા દ્રવ્ય, બધું ક્ષેત્ર, બધો કાળ, બધાં ભવ અને બધાં ભાવને જ્ઞાન જાણે છે. આવા તારાં જ્ઞાનના અસ્તિત્વની ભાઈ! તને ખબર નથી. એ અસ્તિત્વ અહીં સિદ્ધ કરે છે કે,

આ લોકલોક જે જ્ઞેય છે એટલું જ જ્ઞાન છે એમ નથી.

જો લોકાલોક છે તેનાથી તેનું જ્ઞાન જીવને થતું હોય તો, લોકાલોક તો છે જ, તો બધાંને કેમ તેનું જ્ઞાન નથી? પોતાના અંતરમાંથી કેવળજ્ઞાન પ્રગટ કરતો નથી માટે જ્ઞાન નથી.

જે મહા...મહા...મહા...જ્ઞાનસ્વભાવ તેમાંથી નીકળતી એક સમયની કેવળજ્ઞાન પર્યાયની શક્તિની કોઈ હદ નથી કે આટલું જ જાણે! તો તેના અંતરસ્વભાવની શક્તિનું શું કહેવું! આહાહા...આ તો તારા સ્વભાવની અલૌકિકતાનું વર્ણન થાય છે. તારા એક જ્ઞાનગુણની એક સમયની જ્ઞાન પર્યાયમાં લોકાલોકને જાણે છે એટલું જ જ્ઞાનસામર્થ્ય છે એમ નથી. જ્ઞેય ખૂટે છે પણ જ્ઞાન ખૂટતું નથી. અરે, વર્તમાન શ્રુતજ્ઞાનની પણ કેટલી તાકાત છે કે આખા લોકાલોકને જાણે છે માત્ર પ્રત્યક્ષ અને પરોક્ષનો જ ભેદ છે. આવી તો શ્રુતજ્ઞાનની પર્યાયની બેહદતા છે તો જ્યાં કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થઈ ગઈ તેનું શું કહેવું! જ્ઞેય ખૂટયાં પણ જ્ઞાન ખૂટતું નથી. જ્ઞેય ખૂટયાં ત્યાં જ્ઞાન કામ નથી કરતું એમ નથી કહેતાં.

અરે! આવા તારા એક ગુણની એક પર્યાયના માહાત્મ્ય પણ તે જાણ્યાં નહિ. જાણવું એ જ જેનું સત્વ છે, તેમાંથી નીકળેલું તત્ત્વ જે પ્રગટ પર્યાય, તેની અસ્તિમાં આખા લોકાલોકનું જાણવું તો થાય છે પણ એવા અનંત લોકાલોક હોય તોપણ તેનામાં જાણવાની તાકાત રહેલી છે. ન જાણવું કે ઓછું જાણવું થાય એવી તો વાત જ નથી. એક સમયના ભાવમાં પણ આવી બેહદ...બેહદ...બેહદ શક્તિ ભરેલી છે કે જ્ઞેય ખૂટે છે પણ જ્ઞાન ખૂટતું નથી. આવી તારાં દરિયાની એક સમયની વેલની તાકાત છે તો જ્ઞાનદરિયાનું તો શું કહેવું? એક એક ગુણનું સામર્થ્ય દરિયા જેવડું છે તો એવા અનંત ગુણોનું સામર્થ્ય કેટલું? અને તેના એકરૂપ એવા દ્રવ્યનાં સામર્થ્યની તો વાત જ શી? આવો તારો પરમાત્મસ્વભાવ છે તેનો અહીં પ્રકાશ થાય છે–વર્ણન થાય છે.

એ આ ધનતેરસની લાપશી પીરસાય છે. તારી ચૈતન્યલક્ષ્મીની એક સમયની પર્યાયને પણ હદ કહી શકાતી નથી કે જ્ઞાન આટલું જ જાણે, આનાથી વિશેષ ન જાણે એવી હદ બંધાતી નથી. હદ કહેવાય જ નહિ એવી તો પ્રભુ! તારા એક અંશની બેહદતા છે. આહાહા ..! આવા અનંતા અંશના પિંડની બેહદતાનું શું કહેવું ભગવાન!

આ જ્ઞાનપૂજન ચાલે છે ભાઈ! લોકો મફતના ચોપડાને પૂજ્યા કરે છે. તેમાંથી કાંઈ મળવાનું નથી. અહીં તો કેવળજ્ઞાનલક્ષ્મીના ભંડાર ભર્યા છે ને! સ્વભાવને વળી હદ શી? એટલે તો આકાશના અમાપ ક્ષેત્રનો વારંવાર દાખલો આપીને સમજાવીએ છીએ તેમાં આ હેતુ છે કે જેમ આકાશનાં ક્ષેત્રનો કયાંય છેડો નથી તેમ

તારા અમાપ...અમાપ સામર્થ્યનો ક્યાંય અંત નથી.

અહો! ભગવાન આત્મા પાસે વિકલ્પની કિંમત શું! ભલે તે વિકલ્પના ફળમાં તીર્થંકરગોત્રનું પુણ્ય બંધાય એવો ઊંચો શુભભાવ હોય પણ તેની પરમાત્મા પાસે કિંમત શું? જેના એક એક ગુણમાં અનંત શક્તિ અને અનંતી પર્યાય છે તેની પ્રભુતાનું માપ શું કહેવું બાપુ! એ તો પ્રભુ છે. એક એક ગુણની પ્રભુતાનું માપ ન હોઈ શકે બાપુ!

મુમુક્ષુ :—પ્રભુ! આ તમે કઈ દુનિયાની યાત્રા કરાવો છો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ચૈતન્યના સમ્મેદશિખર ઉપર ચડી જાઓ. અહીં તો કહેવું છે કે એકવાર વીર્યથી કબૂલાત તો કર કે હા, હું આવો મહિમાવંત છું. હા એટલે કેવી 'હા' પાડ કે એમાં ક્યાંય 'ના' ન હોય. તો કબૂલ કર્યું કહેવાય.

આત્મા પોતે પરમેશ્વર છે. તેના એક જ્ઞાનગુણની મોટપનો પાર નથી પણ તેની એક સમયની સર્વજ્ઞપર્યાય પણ ઈશ્વર છે. તેની ઈશ્વરતાની એટલી તાકાત છે કે લોકાલોકને જાણે છતાં એથી અનંતગણું જાણવાની તાકાત છે. આ તો જેવી પ્રભુતા છે તેવી કહેવાય છે.

ધવલ આદિમાં આવે છે કે, સત્પદ પ્રરૂપણા છે તેમ અહીં પણ સત્ પદ-જે છે તેનું વર્ણન થાય છે. કેવળજ્ઞાન લોકાલોકને જાણે છતાં એવા અનંતગુણા લોકાલોકને જાણવાની તેનામાં ઈશ્વરતા છે છતાં જેમ, ચક્રવર્તી થઈને વાઘરી પાસે ભીખ માંગવા જાય તેમ, આ ચૈતન્યચક્રવર્તી રાગ અને પુણ્ય પાસે ભીખ માંગવા જાય છે.

અરે! તું પોતે સર્વજ્ઞસ્વભાવી અને તારી પર્યાયમાં સર્વજ્ઞતાની શક્તિ છે... છે...છે...જેમાં નાસ્તિની વાત જ નથી એવા સ્વભાવને તારું વીર્ય શ્રદ્ધાના જોરે કબૂલ કરે તેમાં વિકલ્પના સહારા ન હોય ભાઈ! ન હોય.

સ્વભાવને ક્ષેત્રની બેહદતાની જરૂર નથી. તેનું સામર્થ્ય બેહદ છે. પરમાણુમાં પણ અનંત સામર્થ્ય છે. પરમાણુ રૂપી, મૂર્ત, સ્પર્શ, રસાદિ ગુણનો પિંડ છે. તેના ક્ષેત્રને ન જુઓ, તેના સ્વભાવને જુઓ તો તેમાં પણ અનંત સામર્થ્ય છે. તેના એક એક ગુણ અને તે ગુણોની પર્યાય પણ એટલી સામર્થ્યવાળી છે. ક્ષેત્ર સાથે સ્વભાવની બેહદતાને સંબંધ નથી. સાત હાથનું ક્ષેત્ર હોય કે પાંચસો ધનુષનું ક્ષેત્ર હોય બંને જીવોનું કેવળજ્ઞાન સરખા સામર્થ્યવાળુ જ હોય છે માટે જ વ્યંજનપર્યાયને જુદી પાડી છે. વ્યંજનપર્યાયમાં આકૃતિ નાની છે માટે અર્થપર્યાય પણ નાની છે એમ નથી. આકૃતિ મોટી તો અર્થપર્યાય પણ મોટી એમ નથી. સાત હાથની આકૃતિ હો કે પાંચસો

ધનુષની હો કે લોકપ્રમાણ અસંખ્ય પ્રદેશી આકૃતિ હો દરેકને અર્થપર્યાયની બેહદતામાં કાંઈ ફેર નથી. આ સર્વજ્ઞભગવાનના ઘરનું પદાર્થવિજ્ઞાન છે. આ વીતરાગી સાયન્સ છે. આ સ્વભાવ ઈશ્વર શાસ્ત્ર છે.

કુદરતી આજે ધનતેરસ છે અને અહીં કેવળજ્ઞાનલક્ષ્મીના સામર્થ્યનું પૂજન ચાલે છે. અનંતગુણથી ભરેલા દ્રવ્યો, તેનું ક્ષેત્ર, ત્રણકાળ અને દ્રવ્યના ભાવ બધાંને કેવળજ્ઞાન એક સમયમાં જાણે છે એટલું જ નહિ પણ એવા અનંત લોકાલોકને એક સમયમાં જાણવાની તેનામાં તાકાત છે.

[ પંચ પરાવર્તનરૂપ સંસારનો અભાવ કરીને, પંચમગતિની પ્રાપ્તિ માટે, અનંત સ્વરૂપ લક્ષ્મીનું અપૂર્વ પૂજન કરનાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

અનંત અનુપમ જ્ઞાનનિધિ પ્રગટાવીને અનુપમ જ્ઞાનનિધિ આપનારા શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

આત્મલક્ષ્મી દાતાર, મહાન લક્ષ્મીધારક શ્રી સદ્‌ગુરુદેવનો જય હો. ]

[ ક્રમશઃ ]

卐

## 卐 આત્માને ઓળખી લે 卐

આહાહા! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે. ક્યાં શરીર ને ક્યાં આત્મા! એને શેઢે કે સીમાડે મેળ નથી. આહાહા! આવો દુર્લભ મનુષ્યદેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહા ભાગ્યે મળ્યો છે. તેણે મનનો ઘણો ઘણો બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઇન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યા છે, એવા સ્વભાવનો મહિમા આવે એને અંદર પુરુષાર્થ ઉપડ્યા વિના રહે જ નહિ.

—પૂજ્ય ગુરુદેવ

# * જીવના મૂળ લક્ષણો *

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૮ )

શ્રી નાટક સમયસાર શાસ્ત્રમાં ૨૬ મો શ્લોક ચાલે છે. તેનો અર્થ આપણે શ્રીમદ્ રાજચંદ્ર પુસ્તકમાંથી લઈએ છીએ, સમતા, રમતા આદિનો અર્થ શ્રીમદે વિશેષ પ્રકારે લીધો છે તે ગંભીર અર્થ છે.

समता रमता उरधता, ज्ञायकता सुखभास ।
वेदकता चैतन्यता, ए सब जीवविलास ॥ २६ ॥

સમતાનો અર્થ શાસ્ત્રમાં વીતરાગતા અને રમતાનો અર્થ તેમાં રમવું એમ લીધો છે. પણ અહીં શ્રીમદે સમતા એટલે સમપણું એવો અર્થ લીધો છે. આત્મા ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળે અસંખ્ય પ્રદેશી, ચૈતન્યસ્વરૂપ, અરૂપી આદિ ગુણે સમપણે રહ્યો છે એટલે કે તે સ્વભાવો ક્યારેય છૂટતાં નથી એવું સમપણું તે આ માનું લક્ષણ છે. સમ+તા એટલે સમપણું, રમ+તા એટલે રમ્યપણું આવા જે અર્થ શ્રીમદે કર્યા છે તે બરાબર બેસે છે.

આત્માનો સ્વભાવ રમ્ય છે. આત્મામાં ત્રિકાળ રમ્યપણું રહેલું છે. ઉરધતા એટલે ઊર્ધ્વપણું તે અર્થ બરાબર બેસે છે. ઊર્ધ્વગમન સ્વભાવ તે અર્થ બેસતો નથી. કેમ કે ઊર્ધ્વગમન તો એક સમય પૂરતું છે અને ઊર્ધ્વતા સ્વભાવ તો ત્રિકાળ છે. ઊર્ધ્વપણું તે ભાવવાચક શબ્દ છે તો આત્મામાં ઊર્ધ્વપણું કેવી રીતે છે તે અહીં બતાવવું છે.

કોઈપણ જાણનાર ક્યારે પણ કોઈ પણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે જાણે એમ બનવા યોગ્ય નથી. પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે. એટલે કે કોઈ પણ પદાર્થના જાણવા કાળે પોતાની હયાતી હોવી ઘટે છે કે જે મુખ્ય છે. જાણનારનું ઊર્ધ્વપણું દરેક કાળે છે. જ્ઞાનની વિદ્યમાનતા વગર કાંઈ જણાતું નથી.

કોઈ પણ વસ્તુનો સંયોગ થાય કે વિયોગ થાય તેનું જ્ઞાન કરનાર પોતે છે. અથવા કોઈ ચીજનું ઉદાસીન જ્ઞાન થાય તેમાં પણ કારણ પોતે છે. રાગનું થવું કે જવું, શરીરનો સંયોગ થવો કે વિયોગ થવો અને કોઈ પણ ચીજનું ઉદાસીન જ્ઞાન થવું તે

ત્રણેયને જ્ઞાનની વિદ્યમાનતા જાણે છે. જ્ઞાન વિદ્યમાન ન હોય તો તે બધાને જાણે કોણ? માટે આ જ્ઞાનનું ઊર્ધ્વપણું છે.

દરેક પદાર્થના અલ્પ જાણપણામાં પણ જ્ઞાનમાં જાણનારો મુખ્ય છે. જે સર્વમાં પ્રથમ રહેનારો છે માટે તે ઊર્ધ્વ એટલે મુખ્ય છે. આ અર્થ જ અહીં લાગુ પડે છે. આ અર્થથી જ ભાવ ભાસે છે. કોઈ પણ શબ્દનો ભાવ તો ભાસવો જોઈએ ને કે આ શબ્દ વડે વસ્તુનો આ ભાવ બતાવે છે.

ભગવાન ચૈતન્યમૂર્તિની હયાતી સિવાય કોઈ કંઈ પણ જાણવા ઇચ્છે તો તે બનવા યોગ્ય નથી. જાણનાર વિના કોઈના ગ્રહણ-ત્યાગ થાય તેને કોણ જાણે? રાગ આવે, જાય તેને રાગ તો જાણતો નથી તો રાગને જાણ્યો કોણે? કે જાણનાર જ સર્વને જાણે છે. દયા, દાન, ભક્તિ આદિનો રાગ આવ્યો અને આવીને ચાલ્યો ગયો તે આત્માની અવિદ્યમાનતામાં જાણે કોણ? જાણનારની અવિદ્યમાનતામાં કાંઈ જણાતું જ નથી. માટે જાણનાર જ મુખ્ય હોય તો જ બીજું બધું જાણી શકાય એવો એ પ્રગટ 'ઊર્ધ્વતાધર્મ' જેના વિષે છે તેને ભગવાન જીવ કહે છે.

આ શ્લોકનો આવો અર્થ શ્રીમદે પોતાની જ વિચિક્ષણતાથી કાઢ્યો છે. બહુ સરસ અર્થ કર્યો છે. એ વખતે હિન્દુસ્તાનમાં આવો કોઈ પુરુષ બીજો હતો જ નહિ એવું લાગે છે. ઘણો ક્ષયોપશમ! શબ્દો બનારસીદાસજીના છે પણ શ્રીમદે અર્થ કેવા કાઢયાં છે!

આ જીવદ્રવ્યના લક્ષણની વાત ચાલે છે. તેમાં શ્રીમદે એક એક શબ્દના પેટ ખોલ્યાં છે. અહો! ભગવાન આત્માની મુખ્યતા વગર આ રાગ આવ્યો-ગયો, શરીર આવ્યું-ગયું, રોગ થયો અને ગયો તેને જાણ્યું કોણે? જાણનાર હોય તો જ જણાય. માટે રાગાદિ થાય તેની મુખ્યતા નથી પણ જાણનારની મુખ્યતા છે. આત્મા તેનો જાણનાર છે પણ કરનાર નથી.

માત્ર જાણનાર મુખ્ય હોય તો જ બીજું કંઈ જાણી શકાય. જાણનાર મુખ્ય ન હોય અને બીજું કાંઈ જાણી શકાય એમ બને નહિ. કેમ કે જાણનાર વગર તેને જાણે કોણ? માટે પ્રજ્ઞાબ્રહ્મ ચૈતન્ય જ સર્વ કાળે મુખ્ય છે. રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ક્રિયા તેનાથી ભિન્ન છે. કેમ કે તે તો વિકલ્પ છે તે કાંઈ જાણતાં નથી.

જાણનાર પોતે અગ્રેસર ન હોય તો બીજાને જાણે કોણ? બીજા પ્રસંગોને જાણે કોણ? સંયોગ-વિયોગને જાણે કોણ? દરેક વખતે જાણનાર હોય તો જ તેનું જ્ઞાન થાય છે. એવો જીવનો ઊર્ધ્વતાધર્મ છે.

જુઓ! આ દૃષ્ટિના વિષયની વાત નથી હો, દૃષ્ટિનો વિષય તો અભેદ છે. વસ્તુનું સ્વરૂપ આવું છે તેનું જ્ઞાન કરીને તેમાં દૃષ્ટિ કરે ત્યારે અભેદદૃષ્ટિ થાય. વસ્તુ પોતે એક તત્ત્વ છે ને! હોવાવાળી ચીજ છે ને! તે દ્રવ્ય છે, અસંખ્ય પ્રદેશ તેનું ક્ષેત્ર છે, જ્ઞાન, દર્શન આદિ તેના ભાવો છે અને તે ત્રિકાળ એમ ને એમ રહેલો છે તે તેનો કાળ છે, આને જીવનું સમપણું ગણવામાં આવ્યું છે.

રમ્યપણું એ પણ આત્માનું લક્ષણ કહ્યું છે. જેના વિદ્યમાનપણા વગર આખું જગત શૂન્ય જેવું ભાસે છે અરે, શૂન્યને પણ જાણનાર વિના કોણ જાણે!

જેની મુખ્યતામાં જ બીજું જણાય, તેની મુખ્યતા વગર ન જણાય એ આત્માનો ઊર્ધ્વપણાનો સ્વભાવ કહ્યો છે. આ રાગ છે, આ પુણ્ય છે, આ શરીર છે, તેમાં રોગ આવે છે, જાય છે, શુભભાવ આવે છે, જાય છે એ બધું જાણનાર કોણ? જાણનાર જ તે બધાંને જાણે છે. માટે કહ્યું કે જાણનારની જ મુખ્યતામાં બીજું બધું જણાય છે. આવું ઊર્ધ્વપણું જેના વિષે છે તે પદાર્થને જ શ્રી તીર્થંકર, જીવ કહે છે.

હવે ચોથું લક્ષણ છે 'જ્ઞાયકતા'. પ્રગટ એવા જડ પદાર્થો અને જીવ, તે જે કારણે કરી ભિન્ન પડે છે, તે લક્ષણ જીવનો 'જ્ઞાયકતા' નામનો ગુણ છે. પ્રગટ એવા જડ પદાર્થોમાં રાગાદિ પરિણામ પણ આવી જાય છે કેમ કે તે પણ જડ જ છે. તેનાથી 'જ્ઞાયકતા' લક્ષણ વડે જીવ જુદો પડે છે. આ લક્ષણ જીવમાં ત્રિકાળ રહેલું છે તેથી જ્ઞાયકપણાથી રહિત જીવને, કોઈ પણ સમયે કોઈ અનુભવી શકતું નથી. જ્ઞાયકપણે જ તેનો અનુભવ થઈ શકે છે. વળી, આ 'જ્ઞાયકપણું' જીવ સિવાય કોઈ દ્રવ્યોમાં નથી. પુણ્ય-પાપના વિકલ્પો, વ્યવહાર રત્નત્રય આદિને વિષે પણ જ્ઞાયકપણું સંભવતું નથી કેમ કે તે અચેતન લક્ષણવાળા છે. ત્રિકાળ અનુભવનું કારણ આ 'જ્ઞાયકભાવ' જ છે--આત્માના આનંદના વેદનના કારણરૂપે આ જ્ઞાયકભાવ છે.

આ તો વસ્તુના મૂળ સ્વરૂપની વાત છે. અપૂર્વ વાત છે. જગત બહારમાં જ અટકી જાય છે. તેથી માથા ફોડીને મરી જાય છે તો પણ વસ્તુનો અનુભવ થતો નથી. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અંદરમાં જ્ઞાયકપણે જ બિરાજી રહ્યો છે. બીજા કોઈમાં તે જ્ઞાયકપણું નથી એવું જે 'જ્ઞાયકપણું' એવા લક્ષણવાળાને શ્રી તીર્થંકર પરમાત્માએ જીવ કહ્યો છે. જુઓ, પુણ્ય-પાપવાળો તે જીવ, એમ નથી કહ્યું.

સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા પાસે જઈ આવ્યો, દર્શન કર્યા, વાણી સાંભળી પણ આત્માનો અનુભવ ન થયો કેમ કે એ તો પરલક્ષી વૃત્તિનું ઉત્થાન છે. ભગવાને કહેલા 'જ્ઞાયકતા' લક્ષણવાળા જીવનું લક્ષ કરે તો તેનો અનુભવ થાય.

હવે પાંચમું લક્ષણ 'સુખભાસ' કહ્યું છે. સુખનો ભાસ થાય તે પણ આત્મામાં છે. શબ્દ, રસ, રૂપ આદિ પાંચ ઇન્દ્રિયના વિષયો સંબંધી અને સમાધિ આદિ જોગ સંબંધી જે સ્થિતિમાં સુખ સંભવે છે તે ભિન્ન ભિન્ન કરી જોતાં માત્ર છેવટે તે સર્વને વિષે સુખનું કારણ એક જ એવો એ જીવ પદાર્થ સંભવે છે. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સુખ તો નથી પણ જીવ કલ્પના કરે છે ને! તેમ શુભાશુભભાવમાં પણ સુખની કલ્પના કરે છે તેમાં સુખ નથી પણ સુખનો જે ભાસ થાય છે તે પણ આત્મામાં છે. બહારના પદાર્થોમાં લક્ષ કરીને અજ્ઞાની સુખ માને છે પણ તે તો દુઃખ છે. તેમાં આત્માનું સુખ નથી. સુખનું ખરું કારણ તો આત્મા છે. તેમાં અતીન્દ્રિય આનંદનો રસ પડયો છે. તે આનંદ ઇન્દ્રિયાતીત છે, વિકલ્પાતીત છે, મનાતીત છે, તનાતીત છે, એટલે કે તે આનંદ ઇન્દ્રિય, વાણી, મન, શરીર, વિકલ્પ આદિથી જુદો છે.

અજ્ઞાની જીવે આ તત્ત્વનું કદી જ્ઞાન જ કર્યું નથી. તત્ત્વના જ્ઞાન વિના વ્રત, તપ, ભક્તિ-પૂજા આદિ કરી કરીને મરી ગયો...તપસ્યા કરીને હેરાન થઈને મરી ગયો પણ કરવાનું હતું તે કદી ન કર્યું.

સુખનો ભાસ થવો એટલે સુખનું માલુમ પડવું, તે પણ આત્મામાં થાય છે. બહારની ક્રિયામાં કે દયા-દાન વિકલ્પમાં સુખ માલુમ પડતું નથી. જીવ સિવાય કયાંય સુખ છે જ નહિ.

જુઓ! આ બનારસીદાસના એક શ્લોકમાં આટલું સ્વરૂપ ભર્યું છે. પહેલાં તો તેઓ શ્રૃગાંરી કવિ હતાં પછી દશા ફરી ગઈ. જૈનના જબ્બર કવિ થઈ ગયા. શ્રૃંગાંરની કવિતાઓ લખી હતી તે બધાં કાગળો નદીમાં ફેંકી દીધા. અરે! મેં આવા પાપ કર્યા! પછી તો દૃષ્ટિ ગુલાંટ ખાઈને અંદરમાં ઉતરી અને સત્સગાગમથી ભાન થયું. આવું પરિવર્તન થઈ શકે છે ન થાય એવું નથી. સો ઉંદર મારીને બિલાડી પાટે બેસી શકે છે. પાપ કરનારો પલટી ન શકે એમ ન હોય.

મેં આત્માને ભૂલીને અપરાધ કર્યા છે તે મારો ગુનો છે પણ અરે! એ હું નહિ. હું તો સચ્ચિદાનંદ આનંદમૂર્તિ છું. ગુના કરવા એ મારું સ્વરૂપ નથી.

અહીં શ્રીમદે સુખભાસ લક્ષણ માટે વ્યવહારે દૃષ્ટાંત નિદ્રાનું આપ્યું છે. જે નિદ્રાને વિષે બીજા કોઈ પદાર્થો તો નથી ત્યાં પણ હું સુખી છું એવું જે જ્ઞાન છે, તે બાકી વધ્યો એવો જે જીવપદાર્થ તેનું છે. આત્મસિદ્ધિમાં આવે છે ને 'અબાધ્ય અનુભવ જે રહે તે જીવસ્વરૂપ' બાદ કરતાં વધે તે આત્મા છે. રાગ, શરીર, વાણી, પુણ્ય-પાપના વિકલ્પ આદિ બધાંને બાદ કરતાં કરતાં બાકી જે વધ્યો તે આત્મા છે. તેને બાદ કરી શકાતો નથી. આત્માને બાદ કરે તો શૂન્ય રહે.

નિદ્રામાં બીજો કોઈ પદાર્થ તો વિદ્યમાન નથી અને સુખનું ભાસવાપણું તો અત્યંત સ્પષ્ટ છે. તે જેનાથી ભાસે છે તે જીવ નામના પદાર્થ સિવાય બીજે કયાંય તે લક્ષણ જોયું નથી. સુખ...સુખ...સુખ આત્મપદાર્થ સિવાય બીજે કયાંય નથી.

સુખ માટે શ્રીમદ્દજીએ નિદ્રાનું દ્રષ્ટાંત લીધું છે. આપણે એક શેઠનું દ્રષ્ટાંત લઈએ છીએ કે એક કરોડપતિ શેઠિયો હતો તેને એકનો એક દીકરો. શેઠે દીકરાને કીધેલું કે કાંઈ ધંધો કરીશ નહિ આપણી પાસે ઘણું છે. છતાં છોકરાએ ધંધો કર્યો અને દશલાખ ગયા. હવે? બાપ તો સત્તાપ્રિય માણસ હતો, તેની પાસે દીકરો પૈસા લેવા જઈ ન શકયો. પોતાના ભાઈબંધ સાથે પિતાને કહેવરાવ્યું કે પૈસા આપો નહિ તો સવારે મારું મોઢું જોવા નહિ મળે. મિત્રે જઈને કીધું ત્યાં તો શેઠ ખીજાય ગયાં. ત્યારે મિત્ર કહે છે બાપુજી! એક ન્યાય આપું? સાંભળો. તમારી ઉંમર ૭૦ વર્ષની તો થઈ ગઈ છે. હવે પાંચ-દશ વર્ષે ચાલ્યા જશો ત્યારે પૈસા તો બધાં ભાઈના છે ને? હા, તો અત્યારે તેમાંથી દશલાખ ઓછાં થશે તે તમારાં થશે કે દીકરાના? વિચારી જુઓ કે એ તો પૈસા એના ગયા. તમારાં કયાં હતાં? ત્યારે શેઠ કહે છે દીકરા! તે તો ભારે વાત કરી હો. સાચી વાત છે આ લે! પૈસા લઈ જા. મારું આમાં કાંઈ ઓછું થતું નથી.

જુઓ! શેઠ પહેલાં અકળાયા, ખીજાણા અને પછી સમાધાનથી સુખ પામ્યા. પ્રતિકૂળતા તો એની એ જ હતી પણ જયાં શેઠની દ્રષ્ટિ ફરી ગઈ ત્યાં સંતોષ થઈ ગયો. આટલી પ્રતિકૂળતામાં જેને સમાધાન કરતાં આવડે છે તેને અનંતી પ્રતિકૂળતામાં પણ સમાધાન કરતાં આવડે એવો આ આત્મા સંતોષી છે, સુખસ્વરૂપ છે.

ભગવાન આત્મા સુખસ્વરૂપ છે. ગમે તેટલી પ્રતિકૂળતા હોય પણ તે સમાધાન... સમાધાનસ્વરૂપ છે. અને જેને એક પ્રતિકૂળતામાં સમાધાન કરતાં આવડે તેને બધી પ્રતિકૂળતામાં સમાધાન કરતાં આવડે છે. ભલે ને ગમે તેટલી પ્રતિકૂળતા આવે પણ તે મારામાં નથી, હું તો જ્ઞાન છું. એમ પોતાની દ્રષ્ટિ કરીને જેને સમાધાન અને સંતોષ કરતાં આવડે છે તેને જ શાંતિ અને સુખ છે. બાકી કયાંય શાંતિ નથી. ભગવાન આત્મા સિવાય કયાંય સુખ અને શાંતિ નથી.

હવે વેદકતા લક્ષણ બતાવે છે. આ મોળું છે, આ મીઠું છે, ખાટું છે, ખારું છે એવું જ્ઞાન અથવા હું આ સ્થિતિમાં છું, ટાઢે ઠરું છું, તાપ લાગે છે, દુ:ખી છું, દુ:ખ અનુભવું છું એવું જે સ્પષ્ટ જ્ઞાન, વેદનજ્ઞાન, અનુભવજ્ઞાન, અનુભવપણું તે જો કોઈમાં પણ હોય તો તે આ જીવ પદને વિષે જ છે. આ જીવનું 'વેદકતા' લક્ષણ છે.

ખાટું, ખારું, ઠંડી, ગરમી આદિને વેદનારો જીવ છે. આ વેદનસ્વભાવે આત્મા જણાય એવો છે. જડ પદાર્થ કોઈને વેદી શકતું નથી. માટે આવું વેદકપણું જેના વિષે છે તે જીવ છે એમ શ્રી તીર્થંકરદેવે કહ્યું છે.

ચૈતન્યતા પણ આત્માનું લક્ષણ છે. ભગવાન જ્ઞાનના પ્રકાશ વિના સૂર્યના, ચંદ્રના, દીપકના પ્રકાશને કોણ જાણે? માટે, સ્પષ્ટ પ્રકાશપણું અનંત અનંત કોટી દીપક, મણિ, ચંદ્ર, સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રતિભાસતી નથી અર્થાત્ તે સર્વ પોતે પોતાને જણાવા અથવા જાણવા યોગ્ય નથી તેને જે જાણનાર છે તે જીવ છે. સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી એટલે કે આ દીવો છે, આ મણિ છે આ સૂર્ય છે તેનો પ્રકાશ છે તેને જાણનાર સિવાય કોણ જાણે? પ્રકાશના અસ્તિત્વવાળા પદાર્થને પણ જેના પ્રકાશમાં જાણવાનું થાય તે ચૈતન્યચિહ્ન જીવનું લક્ષણ છે.

અરે, એણે આવા આત્માને સાંભર્યો નથી અને કાંઈક પૈસા થાય ત્યાં તો હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય છે. પણ જુઓ! અહીં ક્યાંય એમ આવ્યું કે પૈસા તે જીવનુ લક્ષણ છે? રાગ પણ જીવનું લક્ષણ નથી તો પૈસા તો ક્યાંય દૂર રહી ગયા.

આત્મા તો ચૈતન્યપ્રકાશનું નૂર છે કે જેના પ્રકાશ વિના ચંદ્ર, સૂર્યની કાંતિ પણ પ્રકાશવા સમર્થ નથી એટલે કે જાણનાર વિના જણાતી નથી. ચંદ્ર–સૂર્ય આદિના પ્રકાશ તો પોતાને પણ જાણવા સમર્થ નથી. જે પદાર્થના પ્રકાશને વિષે ચૈતન્યપણાથી તે પદાર્થો જાણ્યા જાય છે, તે પદાર્થો પ્રકાશ પામે છે, સ્પષ્ટ ભાસે છે, તે પદાર્થ જે કોઈ છે તે જીવ છે. અર્થાત્ તે લક્ષણ પ્રગટપણે સ્પષ્ટ પ્રકાશમાન, અચળ એવું નિરાબાધ પ્રકાશ્યમાન ચૈતન્ય, તે જીવનું લક્ષણ જીવ પ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે.

ચૈતન્યભગવાન પ્રકાશસ્વરૂપ છે. તેનો વર્તમાન ઉપયોગ બહાર પરમાં ગયેલો છે તેને અંતરમાં વાળતાં ચૈતન્યમૂર્તિ પ્રગટ અનુભવમાં આવે છે. ચૈતન્યપ્રકાશ કેમ જણાય કે જ્ઞાનના તેજની વર્તમાનદશાને અંતરમાં વાળતાં પ્રગટ એવો ચૈતન્ય ઉપયોગ પ્રગટ–પ્રગટ દેખાય છે.

આ જે લક્ષણો કહ્યાં તે ફરી ફરી વિચારતાં, જીવ નિરાબાધપણે જાણ્યો જાય છે. આ પ્રમાણે શ્રી તીર્થંકરાદિએ જીવના લક્ષણો કહ્યાં છે.

આ પ્રમાણે સમતા...રમતાના શ્લોકનો શ્રીમદ્જીએ કરેલો અર્થ પૂરો થયો. હવે ૨૭ મો અજીવના લક્ષણના શ્લોક લઈએ છીએ.

तनता मनता वचनता, जड़ता जड़सम्मेल ।
लघुता गुरुता गमनता, ये अजीवके खेल ॥ २७ ॥

આ અજીવની વ્યાખ્યા છે.

તનતા શરીરપણું એ જડનું લક્ષણ છે. ભગવાન ચૈતન્ય તેનાથી તદ્દન જુદો છે. મનતા એટલે મનપણું પણ જડને છે. જેમ જોવાનું કાર્ય આત્મા કરે પણ તેમાં આંખ નિમિત્ત છે તેમ વિચાર તો ભગવાન આત્મા કરે છે પણ તેમાં નિમિત્તરૂપે જે મન છે તે અનંત પરમાણુનું બનેલું, ખીલેલાં કમળના આકાર જેવું છે પણ એટલું સૂક્ષ્મ છે કે ડોક્ટર છાતી ચીરે તો પણ કાંઈ હાથમાં આવે તેવું નથી, એટલું નાનું અંગુલના અસંખ્યમા ભાગે છે. તેને અવધિજ્ઞાની અને ગણધર જાણી શકે છે પણ ડોક્ટરો પોસ્ટમોર્ટમ કરે તો પણ હાથમાં આવે કે દેખાય એવી ચીજ નથી.

वचनता—ભાષા પણ જડ છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે અને વાણી તો જડ છે તેથી આત્મા ભાષા બોલી શકતો નથી. વાણી નીકળવી એ અજીવનો ખેલ છે. શરીર અને મન પણ અજીવનો ખેલ છે, આત્માનો ખેલ નથી પણ આતમરામને પોતાના ખેલની ખબર નથી અને જડના ખેલને—આ શરીર મારું મન-વચન મારાં એમ મારું-મારું કરીને બેસી ગયો છે.

जड़सम्मेल પરમાણુઓનું મળવું અને છૂટા પડવું એ બધું જડનું કાર્ય છે. જડના ખેલને આત્મા કરી શકતો નથી. ખોરાકના કોળિયા મોઢામાં આવવાં, પેટમાં જવાં વિષ્ટા થવી એ બધાં જડના ખેલ છે, આત્માના નહિ. આત્મા તો અમૃત આનંદ-સ્વરૂપ છે તેને પોતે કદી જોયો કે જાણ્યો નથી. તેને શ્રદ્ધવાની દરકાર પણ કરી નથી. એને ભૂલીને—વર વિનાની જાન જોડી દીધી છે. દાળ-ભાત કરવા, લાડવા કરવા, અનેક જાતના સાધનો ભેગા કરવા એ બધાં જડના ખેલ છે તેને હું કરું છું એમ અજ્ઞાની માને છે.

लघुता એટલે હળવાપણું તે જડને હોય, આત્માને ન હોય. રૂ હળવું હોય, કોમળ હોય. गुरुता એટલે ભારેપણું તે પણ જડનો ગુણ છે. गमनता એટલે ગતિ કરવી તે જડનો ખેલ છે. આત્મા શરીરને ગતિ કરાવે ત્યારે ગતિ કરે એમ નથી. હાથ, પગ વાણી, શરીર આદિના હલન-ચલન, ગમન આદિ જડના ખેલ છે તેને આત્મા કરતો નથી.

જડના ખેલ એટલે જડની પરિણતિનો કર્તા જડ છે. આત્મા તો તેનો સાક્ષી છે પણ અજ્ઞાનીને ભાન ન મળે એટલે અભિમાનના પાર નહિ...એટલે આ સંચા હું ચલાવું છું, આ હજીરા મેં બનાવ્યા છે...અરે એ મોટા મકાન તેના માલિકે તો નથી

બનાવ્યા પણ કડિયાએ પણ બનાવ્યા નથી. એ તો જડે કરેલો જડસંમેલ છે. જડના ખેલ જડથી થાય, આત્માથી ન થાય ભાઈ!

સમયસારમાં છેલ્લો કળશ આવે છે ને કે જગતને નાચવું હોય તો નાચો. હું તો જે છું તે છું. આ ટીકા રચવાનું કાર્ય મારું નથી. અજીવ નાચે છે. હું તો ચૈતન્યબિંબ પ્રકાશની મૂર્તિ છું. જડના પરમાણુ જાય, આવે, ભાંગે-તૂટે થાય તેનો સાક્ષી છું, કરનાર નથી. એમ જ્ઞાની સાક્ષી રહે છે અને અજ્ઞાની કર્તા થઈને અભિમાન કરે છે. પણ જડનો ખેલ તો જડનો જ છે તે આત્માનો થતો નથી. [ ક્રમશઃ ]

## 卐 તું ચેતી જા 卐

(દિનપ્રતિદિન બનતા દેહવિલયના ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યા શબ્દોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે) હે ભાઈ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે તે સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ, ગમે તો વિલાયતનો ડૉકટર લાવ, પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહવિલયની આવી નિયત સ્થિતિને જાણીને, તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ૮૪ના ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી ક્યાં જઈશ તેની તને ખબર છે? ત્યાં કોણ તારા ભાવ પૂછનાર હશે?—તો અહીં, લોકો આમ કહેશે ને સમાજ તેમ કહેશે—એવી મોહની ભ્રમજાળમાં ગૂંચવાઈને તારા આત્માને શા માટે ગૂંગળાવી રહ્યો છે?

—પૂજ્ય ગુરુદેવ

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૩૧૧-૩૧૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ ધર્મભાવના ચાલે છે. ધર્મ (સ્વભાવ) એક એક દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં છે. દરેક ધર્મ સ્વતંત્ર છે. એમ જાણે તો પર્યાય સ્વસન્મુખ વળે અને સ્વતંત્રદશા પ્રગટ થાય, પરંતુ પર્યાયને સ્વતંત્ર ન માને પણ કર્મની બળજોરીથી થાય છે એમ માને તો તેને પર સન્મુખતાથી હઠી સ્વસન્મુખ થવાનો અવકાશ રહેતો નથી, તેથી તે જીવને ધર્મ થતો નથી. અહીં સમય સમયની પર્યાય સ્વતંત્ર છે તે સિદ્ધ કરે છે. પર્યાયનું સ્વતંત્રપણું માને તેને પર સન્મુખતા છૂટી સ્વસન્મુખતા થયા વગર રહેતી નથી. તેને સમ્યગ્જ્ઞાન-દર્શનરૂપી ધર્મ થાય છે એની વાત ચાલે છે.

નવ પદાર્થો છે તે દરેક સ્વતંત્ર છે (૧) જીવ (૨) અજીવ પદાર્થ પોતાથી છે અને પરથી નથી. જીવ-પુદ્ગલના સંયોગે (૩) આસ્રવ (૪) બંધની પર્યાય થાય છે તે પણ પોતાથી છે અને પરથી નથી—એમ ચાર પદાર્થની વાત થઈ છે. આસ્રવ કે બંધમાં કોઈ પર પદાર્થોનો પ્રભાવ પડતો નથી. નિમિત્તની પ્રધાનતાથી આસ્રવ થાય છે એમ માનવામાં આવે તો અનેકાન્તપણું રહેતું નથી. માટે ભાવબંધ દ્રવ્યબંધ અનુસાર થાય છે એ વાત ખોટી છે. દ્રવ્યબંધમાં ભાવબંધની નાસ્તિ છે અને ભાવબંધમાં દ્રવ્યબંધની નાસ્તિ છે. બંને પોતપોતાની અસ્તિરૂપે છે, એમ અનેકાન્ત સ્વરૂપ બન્નેની સ્વતંત્રતા બતાવે છે. આમ પર્યાયની સ્વતંત્રતા કબૂલવી તેને અહીં શુદ્ધ સમ્યગ્દર્શન કહેલ છે.

જૈનદર્શનમાં તો ઠેકાણે ઠેકાણે સ્વતંત્રતા બતાવે છે, એને બદલે અત્યારના કોઈ પંડિતો શાસ્ત્રનો આધાર આપીને કહે છે કે જૈનદર્શનમાં ઠેકાણે ઠેકાણે જ્યાં ને ત્યાં નિમિત્તનો પ્રભાવ પડે છે એમ બતાવે છે. પણ જૈન દર્શનનું એવું સ્વરૂપ નથી. અનેકાંત તો દ્રવ્ય-ગુણ--પર્યાય ત્રણેને સ્વતંત્રત બતાવે છે. અને જ્યાં સુધી સ્વતંત્ર વસ્તુ એમ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી સ્વતંત્રપણે ધર્મની પર્યાય પ્રગટતી નથી.

(૫) સંવરતત્ત્વ :—આત્મામાં નિર્વિકલ્પ શાંતિ થાય તે સંવરદશા છે. તે સંવર સ્વથી છે અને પરથી નથી. સંવર એક સમયની પર્યાય પોતાથી છે અને તે આસ્રવ, બંધ, નિર્જરા, મોક્ષ જીવ કે અજીવથી નથી. એમ અનેકાન્ત માનવુ તે સંવરતત્ત્વની સ્વતંત્રતા છે, કર્મના રોકાવાથી તો સંવરદશા થઈ નથી પણ જીવ સામાન્ય

છે એના કારણે પણ સંવરદશા નથી કેમ કે સામાન્યના કારણે વિશેષ માનવામાં આવે તો વિશેષ સ્વતંત્ર રહેતું નથી. દ્રવ્યનું સામાન્યપણું તો એકરૂપ છે, પર્યાયમાં એકપણું હોતું નથી. જો સર્વથા દ્રવ્યના આશ્રયે પર્યાય માનવામાં આવે તો પર્યાયનું અનેકપણું સિદ્ધ થતું નથી. માટે સંવર સંવરના આશ્રયે છે અને જીવના આશ્રયે નથી તે અનેકાંત છે. નિરપેક્ષ સંવર-પર્યાય સિદ્ધ થયા પછી દ્રવ્યના આશ્રયે થઈ એમ કહેવું તે સાપેક્ષપણું છે. આ રીતે સંવરતત્ત્વની સ્વતંત્રતા અનેકાન્તથી સિદ્ધ થાય છે અને તેને તેમ માનવું તે સમ્યગ્દર્શન છે.

(૬) નિર્જરાતત્ત્વ :–આત્મામાં પહેલાં સમયે જે શુદ્ધિ હોય છે તેના કરતાં બીજા સમયે વિશેષ શુદ્ધિ થાય છે તેને નિર્જરા કહે છે. આ નિર્જરા નિર્જરાથી છે અને આસ્રવ બંધ કે કર્મોના અભાવથી નથી. વળી તે નિર્જરા સંવરથી કે જીવથી પણ નથી, આનું નામ નિર્જરાતત્ત્વનું અનેકાન્તપણું છે. સામાન્ય જીવ તો એક પ્રકારે છે અને નિર્જરા અનેક પ્રકારવાળી છે, એકરૂપ નથી. જો સામાન્ય જીવના આશ્રયે સર્વથા નિર્જરા હોય તો એકરૂપ થવી જોઈએ. પણ સામાન્યની જેમ વિશેષમાં એક પ્રકાર નથી. માટે કથંચિત્ સામાન્યમાં વિશેષની નાસ્તિ છે અને વિશેષમાં સામાન્યની નાસ્તિ છે. જો એમ ન હોય તો વિશેષમાં જે વિવિધતા છે તે રહેતી નથી. આ રીતે પર્યાયની સ્વતંત્રતા નક્કી થાય છે. પર્યાય પર્યાયની સ્વતંત્ર યોગ્યતા પ્રમાણે થાય છે એમ પ્રથમ નિરપેક્ષપણે માનવું જોઈએ.

પુદ્ગલ સામાન્ય દ્રવ્ય છે એની પર્યાય પણ સ્વતંત્ર નિરપેક્ષ છે. પુદ્ગલની પર્યાય કોઈ નિમિત્ત કે સ્વદ્રવ્યની પણ અપેક્ષા રાખતી નથી, એક પરમાણુની પર્યાય એક અંશ સફેદ હોય તો તે બીજે સમયે અનંત અંશ કાળી અથવા તો સફેદ થાય છે. એમાં કોઈ પરદ્રવ્ય નિમિત્ત નથી, વળી તે પર્યાય સામાન્યની પણ અપેક્ષા રાખતી નથી. કેમકે સામાન્ય અપેક્ષા સર્વથા રાખે તો સામાન્ય તો એકરૂપ છે અને પર્યાયમાં તો અનેકરૂપ વિવિધતા થઈ છે તે થાય નહીં માટે કથંચિત્ પર્યાય સ્વતંત્ર છે. એમ નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન છે. નિર્જરા સ્વથી છે અને પરથી નથી એવી વસ્તુ-સ્થિતિ છે, એને ન સમજે તેને ત્રણ કાળમાં દ્રવ્યદૃષ્ટિ થાય નહીં. પર્યાયને પરતંત્ર પરના કારણે માને તેને સ્વસન્મુખતા થતી નથી.

ઘડાની પર્યાય છે તે ઘડાથી છે તે પર્યાય કુંભારથી તો થઈ નથી. પણ અહીં તો કહે છે કે તે ઘડાની પર્યાય માટીથી પણ નથી. "ઘડો છે" તે ઘડાથી છે, તે સ્વતંત્ર છે; માટીથી છે એમ માનવામાં આવે તો માટી તો સામાન્ય એક પ્રકારે છે; તો વિશેષ ઘડો, રામપાત્ર, વગેરેની અનેકતા હોઈ શકે નહીં. માટીથી ઘડાને કહેવો તે અપેક્ષિત

કથન છે. આવું અનેકાન્તનું સ્વરૂપ છે. સામાન્ય વિશેષ બંને કથંચિત્ ભિન્ન છે. આમ સામાન્ય વિશેષની સ્વતંત્રતા કબૂલ કરે તો સમ્યગ્દર્શન થાય.

આવી પર્યાયની સ્વતંત્રતા છે, તે વાતને ગુપ્ત રાખવી ન જોઈએ કેમકે આ વાતને સમજ્યા વિના ત્રણકાળમાં ધર્મ થાય એમ નથી. એક સમયની પર્યાય સ્વતંત્ર છે. એમ સાબિત ન થાય તો ત્રિકાળ દ્રવ્ય સ્વતંત્ર છે તે સાબિત થઈ શકશે નહીં. અસ્તિ-નાસ્તિરૂપ બન્ને પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું તે અનેકાન્તનું સ્વરૂપ છે. આવો વસ્તુનો સ્વભાવ છે.

આત્મામાં નિર્જરાની પર્યાયનો ઉત્પાદ થાય છે તે વખતે કર્મની પર્યાય પણ ફરે છે. કર્મરૂપ પર્યાયનો વ્યય થઈ બીજું પરિણમન થાય છે તે પરિણમન પણ દ્રવ્યના કારણે નથી એમ નિરપેક્ષ સિદ્ધ કર્યા પછી તે કયા દ્રવ્યની પર્યાય છે એમ સાપેક્ષપણું લાગુ પડે છે. પર્યાય પણ અકારણીય છે એમ માન્યા વગર કયા કારણે થઈ એવી અપેક્ષા લાગુ પડતી નથી. આ પુસ્તક ઊંચું છે તેનો આધાર હાથ કે આંગળા તો નથી પણ પુસ્તકના દ્રવ્યના આધારે પણ તે પર્યાય થઈ છે એમ પણ નથી, કેમકે પર્યાય પર્યાયના કારણે છે. તે નિરપેક્ષ અસ્તિપણું છે અને દ્રવ્યના કારણે નથી તે નાસ્તિરૂપ તે પર્યાયનો ધર્મ છે. આ રીતે જ્ઞાન સામાન્યને સામાન્ય અને વિશેષને વિશેષરૂપે કબૂલે છે. જેમ છે તેમ સ્વતંત્રપણે કબૂલે તે અનેકાંત છે. એક બીજામાં ચાલમેલ કરે નહીં તે જ્ઞાતાનું પરિણમન સમ્યગ્જ્ઞાન છે અને તે જ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દષ્ટિ થઈ તે કારણનું કાર્ય સમ્યક્ જ્ઞાન છે. સમ્યગ્દર્શન તો પરમપારિણામિક ભાવના આશ્રયે થયું છે, પણ તેની સાથે રહેલું જ્ઞાન બધા પદાર્થોને સ્વતંત્ર જાણે છે.

આ અનેકાંત સ્વરૂપની વાત શાંતિથી સમજવા જેવી છે, એમ ને એમ કાઢી નાખવા જેવી નથી. મૂળ ગાથામાં આચાર્ય ભગવાને જે શબ્દો વાપર્યા છે તે અદ્ભુત છે. ચૌદપૂર્વનો સાર એમાં મૂક્યો છે. નવ પદાર્થોને યથાર્થ જાણે તે શુદ્ધ સમ્યગ્દર્શન છે. એમાં દરેક પદાર્થને સ્વતંત્ર બતાવી દીધો છે.

જુઓ, અહીં તો કહે છે કે નિર્જરા પોતાના કારણે છે તે સંવર કે દ્રવ્ય-સામાન્યના કારણે નથી. તો પછી તે નિર્જરા કર્મના અભાવના કારણે છે એ વાત તો રહેતી નથી. નિર્જરા તે પર્યાયમાં શુદ્ધિની વૃદ્ધિના અંશો છે. તે સ્વથી છે. સંવર-નિર્જરા બન્ને પોતપોતાથી છે અને બન્નેમાં અસ્તિ-નાસ્તિરૂપ ધર્મ છે. પરનો પ્રભાવ પડે એમ માનવું તે તો બે દ્રવ્યોનો ખીચડો કરવા જેવું થયું એટલે કે શ્રદ્ધામાં અનેકાંતપણું નહીં રહેતા એકાંતપણાનો ખીચડો થયો. સામાન્ય છે તે વિશેષને સ્પર્શતું નથી અને વિશેષ છે તે સામાન્યને સ્પર્શતું નથી. બન્ને સ્વતંત્ર છે. નિર્જરા દ્રવ્યને

સ્પર્શતી નથી. પર્યાય દ્રવ્યની સન્મુખ થાય છે માટે દ્રવ્યના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટે છે એમ કહેવાય છે છતાં પર્યાય પણ સ્વતંત્ર છે એમ નિરપેક્ષ નક્કી કર્યા વગર દ્રવ્યના આશ્રયે થાય છે એ અપેક્ષાએ પણ કહી શકાશે નહીં. આમ વસ્તુસ્થિતિ સમજ્યા વગર સાધુપણું કે શ્રાવકપણું હોઈ શકે નહીં. ત્રિકાળ વસ્તુ અને પર્યાયની સ્વતંત્રતાના ભાન વિના ધર્મ થઈ શકે નહીં. ધર્મ તો સ્વતંત્ર પર્યાય છે. ધર્મ ધર્મીના આશ્રયે થાય છે એ તો અપેક્ષા લગાવવી હોય ત્યારે કહેવાય પણ ધર્મની નિરપેક્ષ પર્યાયને પોતા સિવાય કોઈ પરનો આધાર નથી. નિર્જરાતત્ત્વની સપ્તભંગી આ રીતે પર્યાયનું સ્વતંત્રપણું બતાવે છે.

૭. પુણ્યતત્ત્વ :—આત્મામાં દયા, દાન, ભક્તિ, પૂજા આદિના શુભ પરિણામ થાય છે તે પુણ્ય છે, તે પરિણામ કર્મથી નથી, પાપથી નથી, દ્રવ્યથી નથી, પરક્ષેત્રથી નથી, પુણ્ય-પુણ્યથી છે, એમ નક્કી કર્યા પછી તે કેમ થયા એ અપેક્ષા લાગુ પડે છે. પુણ્યને પુણ્યરૂપ જાણવું, પાપને પાપરૂપ જાણવું, કર્મને કર્મરૂપ જાણવું, દરેકને ભિન્ન ભિન્ન જાણવું તે અનેકાંત છે. ભગવાનના દર્શન કરવાથી કે સમ્મેદશિખરથી પુણ્ય નથી તેમ જ પુણ્ય જીવથી પણ નથી, બન્ને તત્ત્વ ભિન્ન છે. પુણ્ય–પુણ્યરૂપ છે તે એનો અસ્તિધર્મ છે અને પુણ્ય છે તે જીવ, અજીવ, પાપાદિરૂપે નથી એ પુણ્યનો નાસ્તિરૂપ ધર્મ છે. માટે પુણ્ય જીવથી નથી એ અનેકાંત છે. એમ જાણવું તે સમ્યગ્દર્શન છે.

૮. પાપતત્ત્વ :—આત્મામાં હિંસા, ક્રોધાદિના પરિણામ થાય છે તે પાપ છે. મિથ્યાત્વાદિને પણ પાપ કહેવાય છે. તે પાપના પરિણામ પાપથી છે. તે પરિણામ કર્મથી કે નિમિત્તથી તો નથી પણ પાપ સિવાય પુણ્ય, બંધ, આસ્રવ કે જીવથી પણ નથી. સંવર, નિર્જરા, મોક્ષથી પણ નથી. પાપ પાપરૂપે છે અને પરરૂપે નથી. એ અનેકાંત છે. આવા અનેકાંતને સમજ્યા વિના આત્મામાં પાપના પરિણામ થાય છે તે કથંચિત્ કર્મના ઉદયના કારણે થાય છે તે સ્યાદ્વાદ છે—એમ અજ્ઞાની માને છે. આવી રીતે સ્યાદ્વાદમાં ગોટાળો વાળે છે. તેથી તે શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. અહીં તો કહે છે કે પાપતત્ત્વ પોતાથી છે, પરથી નથી. મિથ્યાત્વના પરિણામ મિથ્યાત્વથી છે પણ દર્શનમોહના ઉદયના કારણે નથી તે અનેકાંત છે.

આત્મામાં મિથ્યાત્વાદિ પાપના પરિણામ થાય છે તેનું શાસ્ત્રમાં ત્રણ પ્રકારથી કથન છે. તેનો અનેકાંતપૂર્વક બરાબર અર્થ સમજવો જોઈએ.

(૧) ગોમ્મટસારાદિ વ્યવહારગ્રંથોમાં આત્મામાં જે મિથ્યાત્વાદિના પરિણામ થાય છે અથવા તો જ્ઞાનની હીણપ છે તે કર્મના નિમિત્તના કારણે છે એમ કહેલું છે, ત્યાં

તો નિમિત્તની પ્રધાનતાથી કથન કરેલ છે પણ ખરેખર કર્મના કારણે તે પરિણામ નથી. અહીં આત્માની અવસ્થા પાપ પરિણામની હોય છે ત્યારે કયું નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવેલ છે.

(૨) સમયસારાદિમાં જ્ઞાનીને રાગ થાય છે તે ચારિત્રમોહના ઉદયના કારણે થાય છે, જ્ઞાની તેનો કર્તા નથી એમ કહેલ છે. તો ત્યાં તે પાપના પરિણામ પાપથી છે, કર્મથી કે બીજાથી નથી, એમ નિર્ણય કર્યા પછી જ્ઞાનીને જે અવ્રતાદિના પરિણામ છે તે સંયોગ સંબંધ તરીકે છે તેથી તેને કર્મના કારણે છે એમ કહેલ છે. વિકારનું લક્ષ છૂટી ગયું છે અને સ્વભાવદૃષ્ટિ થઈ છે માટે તે વિકાર કર્મજન્ય છે એમ ત્યાં કહેલ છે.

(૩) અહીં નવ પદાર્થનું અનેકાંતપૂર્વક જ્ઞાન કરાવતાં પાપના પરિણામ પાપથી છે, પરથી કે કર્મથી નથી, જીવથી પણ નથી એમ નિરપેક્ષ સ્વતંત્ર પરિણામને અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંતથી સિદ્ધ કરેલ છે.

આમ એક એક સમયની રાગની પર્યાયને ત્રણ પ્રકારથી સિદ્ધ કરેલ છે, એમાં વિરોધ આવતો નથી. અજ્ઞાનીને આ વાતની સમજણ નથી એટલે વિરોધ લાગે છે.

રામચંદ્રજી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હતાં. એ જ ભવમાં મુક્તિ પામવના છે. એમને છ માસ સુધી રાગના પરિણામ રહે છે. તે ચારિત્રમોહના ઉદયના કારણે નથી. પૂર્વની વાસનાના કારણે છે એમ પણ નથી. પહેલાં સમયની વાસના બીજા સમયમાં રહેતી નથી. તે રાગના પરિણામ છે, તે પોતાથી છે, પૂર્વપર્યાયના કારણે તો નહીં પણ દ્રવ્યના કારણે પણ નથી. રાગ રાગના કારણે છે, પરના કારણે નથી એમ માનવું તે અનેકાંત છે. લીલોતરી જીવનું શરીર કપાય છે તે તો જડની ક્રિયા છે. તે કપાવાની ક્રિયાથી પાપના પરિણામ નથી. નિમિત્તના કારણે કહેવું તે ઉપચાર કથનમાત્ર છે. આ આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય જીવ-પુદ્‌ગલના સંયોગે થયેલી છે. એમ ઉપર વાત આવી છે અને દરેક પર્યાયનું અનેકાંત સ્વરૂપ બતાવવા અહીં તે પર્યાયો જીવ-પુદ્‌ગલના સંયોગે થયેલી નથી પણ પોતાથી છે એમ કહેલ છે, તે વાતને બરાબર સમજવી જોઈએ. આત્મામાં જ્યારે આસ્રવાદિની પર્યાય થાય છે ત્યારે નિમિત્તનો સદ્‌ભાવ અને અભાવરૂપ ઉપસ્થિતિ કેવી હોય છે તેનું જ્ઞાન કરાવવા જીવ-પુદ્‌ગલના સંયોગે થયેલી પર્યાયો છે એમ કહેલ છે. ખરેખર તો તે પર્યાયમાં પર સંયોગનો અભાવ છે માટે પાપ પાપથી છે, સંયોગથી નથી, કર્મથી નથી અને જીવ ત્રિકાળ ધ્રુવ સ્વભાવ છે એનાથી પણ નથી. આમ અનેકાંતનું સ્વરૂપ છે. તેને યથાર્થ જાણવું જોઈએ.

આત્મા પોતે વિભાવભાવરૂપે પરિણમે તો કર્મમાં આરોપ આપીને નિમિત્તથી કહેવાય છે કે કર્મના ઉદયથી વિભાવ થયો પણ ખરેખર પાપના પરિણામ પોતાથી છે, કર્મથી નથી. તે અનેકાંત છે અને આમ અનેકાંતને જે યથાર્થ જાણે છે તે જ સમ્યગ્દૃષ્ટિ છે.

—※—

[ક્રમશઃ]

તા. ૮-૪-૯૧

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

આપણા પરમોપકારી સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ધર્મવૃદ્ધિકારી પ્રતાપથી તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના માર્ગદર્શનમાં ધર્મ-પ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત ચાલી રહી છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ, જિનેન્દ્રદર્શન-પૂજા પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ શ્રી સમયસાર પર તેરમી વારનું (૧૯૬૧નું) ટેપ-પ્રવચન, બપોરે શ્રી નિયમસાર ઉપર શાસ્ત્રવાંચન, સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય બહેનશ્રીના વિશાળ ભવ્ય ચિત્રપટ સમક્ષ સ્તુતિ, જિનેન્દ્રભક્તિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર-નાટક પર ટેપ પ્રવચન—ઈત્યાદિ કાર્યક્રમનિયમિત ચાલી રહ્યો છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચા સાંભળીને અનેક સમાગત મુમુક્ષુ મહેમાન અનુભવવાણીનો સાક્ષાત્ લાભ મળવા જેવો અનુભવ કરતાં અત્યંત પ્રમોદ વ્યક્ત કરે છે.

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૫૯મી સમ્યક્ત્વ-જયંતી તેમ જ તેઓની સાધનાભૂમિની મંગલ યાત્રા :—

આ શતાબ્દીમાં સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતીર્થના સાતીશય પ્રભાવક કલ્યાણમૂર્તિ પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શુદ્ધાત્મ-પ્રમુખ અધ્યાત્મ-ઉપદેશને આત્મસાત કરીને જેમણે ૧૮ વર્ષની નાની વયમાં, અંતર્મુખી અસાધારણ પુરુષાર્થ વડે સ્વાનુભવમુદ્રિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું—ભવભ્રમણજનની મિથ્યાત્વપરિણતિનો નાશ કરીને નિજ સહજ સ્વરૂપમાં હંમેશ માટે વિરામ પામ્યા—તે પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૫૯મી સમ્યક્ત્વ જયંતી (ફાગણ વદ-૧૦) તા. ૬-૩-૯૧ થી તા. ૧૦-૩-૯૧—પાંચ દિવસ સુધી અધ્યાત્મ સાધનાતીર્થ શ્રી સુવર્ણ-પુરીમાં, તેઓની વિરહવેદનભીની તેમજ તેઓના અનુપમ ઉપકારોની પાવન સ્મૃતિના ઉલ્લાસની મિશ્ર-અનુભૂતિપૂર્વક સાદગીથી ઉજવવામાં આવી. આ પવિત્ર સમારોહમાં ૫૦૦ મુમુક્ષુ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની અનુપસ્થિતિમાં આટલી વિશાળ ઉપસ્થિતિ, મુમુક્ષુઓની તે પવિત્ર આત્મા પ્રત્યેની વિશિષ્ટ શ્રદ્ધા ભક્તિ પ્રસિદ્ધ કરતી હતી. સમ્યક્ત્વજયંતીના પ્રથમ ત્રણ દિવસોમાં ચોંસઠઋદ્ધિમંડલવિધાન પૂજા પૂર્ણ કરીને, તા. ૮-૩-૯૧ ના રોજ બપોરે પૂજ્ય બહેનશ્રીના સમ્યક્ત્વ-સાધના

ધામ વાંકાનેરની મંગળ યાત્રા માટે, આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતલાલ ભા
જે. શાહના નેતૃત્વમાં પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

વાંકાનેર તીર્થયાત્રાના સમાચાર વાયુવેગે સર્વે મંડળોમાં પહોંચી જતા ખંડવા, દિલ્હી, મુંબઈ આદિથી પણ મુમુક્ષુવૃંદ આ યાત્રામાં પહોંચ્યા હતા. તીર્થધામ સોનગઢથી, સમાગત મહેમાનો સહિત ૩૫૦ મુમુક્ષુઓ (૬ લક્ઝરી બસ તેમજ મોટર દ્વારા) તથા તદુપરાંત રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, અમદાવાદ આદિ અનેક સ્થળના ૨૫૦ મુમુક્ષુઓ સીધા વાંકાનેર પહોંચ્યા હતા. તા. ૮ના સાંજે વાંકાનેર પહોંચતાં સર્વ પ્રથમ ત્યાંના મુમુક્ષુમંડળે આપણા આદરણીય પૂજ્ય પંડિતજીને માળા અર્પણ કરીને યાત્રા-સંઘનું સ્વાગત કર્યું. ત્યાર બાદ જિનમંદિરમાં આદરણીય પંડિતજીએ ભગવાન વર્ધમાન-સ્વામીની ભાવભીની ભક્તિ કરાવી હતી. ત્યારબાદ વાજતે-ગાજતે યાત્રાસંઘ પૂજ્ય બહેનશ્રીના સમ્યક્ત્વસાધના સ્થળે ગયો હતો. તે સમયે પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય સ્ટેચ્યુ તેમજ પૂજ્ય બહેનશ્રીના વિશાળ ચિત્રપટ સહિત સજાવેલા ફ્લોટ (FLOAT)માં બેસીને વઢવાણ ભજન મંડળીએ ભક્તિગીતો દ્વારા વાંકાનેર શહેરનું વાતાવરણ આનંદોલ્લાસથી ભરી દીધું હતું. સમ્યક્ત્વસાધનાસ્થળના આ પવિત્ર સ્થાન પર રાખવામાં આવેલા પૂજ્ય બહેનશ્રીના વિશાળ તેમજ ભવ્ય ચિત્રપટના દર્શન પછી આદરણીય પંડિતજીએ "જ્ઞાન વધાઈના રે કે સુર મધુર ગાજે સાહેલડી...."—એ ભક્તિગીત દ્વારા પૂજ્ય બહેનશ્રીની તેમ જ તેઓની જ્ઞાનોપલબ્ધિની ભાવભીની ભક્તિ કરાવી હતી. ત્યારબાદ આદરણીય પંડિતજીએ તેમ જ તેઓની ધર્મપત્ની શ્રી સુશીલાબહેને પૂજ્ય બહેનશ્રીના સાધના સમયના અસાધારણ પુરુષાર્થ તેમ જ તેના સંબંધવાળી અનેક જૂની વાતો કહી હતી. જે સાંભળીને ઉપસ્થિત સર્વે મુમુક્ષુ આનંદવિભોર થઈને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે ભક્તિભાવથી નતમસ્તક થઈ જતા હતા. તા. ૯ના સવારે જિનમંદિરમાં દર્શનાદિ બાદ વિશાલ સ્વાધ્યાયભવનમાં આયોજિત, ધાતકીખંડના ભાવિ-તીર્થંકરની તેમજ સમ્યગ્દર્શનની સમૂહ-પૂજા સાનંદ સમ્પન્ન કરીને, આદરણીય પંડિતજીએ પૂજ્ય બહેનશ્રીની નાની વયમાં સમ્યક્ત્વ સાધનાના ગંભીર વિષય સાથે સંબંધિત અનેક વાતો દ્વારા એક કલાક સુધી મુમુક્ષુ સમાજને વિશદ તેમજ વિપુલ જાણકારી આપી હતી. જે સાંભળીને ભક્તોના હૃદય આનંદ-વિભોર તથા તન રોમાંચિત થઈ જતા હતા અને આટલી નાની વયમાં પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવાંકિત સમ્યક્ત્વપરિણતિ પ્રત્યે બધાને અતિશય અહોભાવભીનો સમાદર અનુભૂત થતો હતો. ત્યારબાદ આદરણીય પંડિતજીએ "આવી ફાલ્ગુન કૃષ્ણા દશમી આનંદદાયિની હો બેન,—સુમંગલમાલિની હો બેન!"—એ ભાવવાહી ગીતનો અર્થ સમજાવતાં સમજાવતાં ભક્તિ કરાવી હતી. ત્યારબાદ વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું કે જે વાંકાનેર રાજમાર્ગ ફરતી ફરતી સાધનસ્થળે પહોંચી હતી. ત્યાં સર્વ પ્રથમ આદરણીય પંડિતજીએ "આજ મંગળ મંદિર દ્વાર ખુલ્યા, મંગલ દ્વાર ખુલ્યા રે"—એ ગીત

દ્વારા પૂજ્ય બહેનશ્રી દ્વારા ઉપલબ્ધ પવિત્ર 'સ્વાનુભૂતિ'ની આનંદજનની ભક્તિ કરાવી હતી. ત્યારબાદ પંડિતજીના ધર્મપત્ની શ્રી સુશીલાબહેને, બ્રહ્મચારી બહેનોએ તેમજ વઢવાણ-ભજનમંડળીએ પૂજ્ય બહેનશ્રીની સાધના સંબંધી વિભિન્ન ભક્તિગીત દ્વારા વાતાવરણને વિશેષ પ્રસન્ન બનાવ્યું હતું. આ રીતે આનંદકારી વિભિન્ન કાર્યક્રમ સહિત આયોજિત આ ચિરસ્મરણીય મંગલ યાત્રા ખરેખર અતીવ સમ્યક્ત્વપ્રભાવનાવર્ધક અનુભૂત થઈ હતી.

આ અવસરે યાત્રાસંઘના વિભિન્ન મહાનુભાવો તરફથી વાંકાનેર દિ. જૈન મુમુક્ષુ-મંડળને શોભાયાત્રા આદિ દ્વારા લગભગ રૂા. ૫૦,૦૦૦/-ની આવક થઈ હતી.

જતાં-આવતાં યાત્રાસંઘને સાંજના ભોજનની વ્યવસ્થા રાજકોટમાં શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર યુવકમંડળે (ડો. પ્રવિણભાઈ દોશી, રાજુભાઈ કામદાર આદિએ) કરી હતી. આવતી વખતે રાજકોટમાં જિનમંદિરના દર્શન બાદ શોભાયાત્રાપૂર્વક સંઘ 'શ્રી કુંદકુંદકહાન દિ. જૈન સ્વાધ્યાયમંદિર' ગયો હતો. ત્યાં શ્રી સમયસાર, 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' તેમજ 'બહેનશ્રીનાં વચનામૃત' આદિની વિધિપૂર્વક સ્થાપના કરવામાં આવી હતી—જેનો શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ. શ્રી જયકુમારજી દિલ્હી, શ્રી પુરુષોત્તમદાસ ઓઘડદાસ કામદાર પરિવાર, શ્રી જગદીશભાઈ મોઢી તેમજ શ્રી હસમુખલાલ પોપટલાલ વોરાએ લાભ લીધો હતો. આ મંગલવિધિના અવસરે 'સ્વાધ્યાયમંદિર'ને સંઘના વિભિન્ન મુમુક્ષુ દ્વારા લગભગ રૂા. ૫૦,૦૦૦/-ની આવક થઈ હતી.

આ મંગલ યાત્રાના આયોજનમાં બસભાડામાં પ્રતિયાત્રી ૫૦ % (રૂા. ૫૦-૦૦) નું ડીસ્કાઉન્ટ, યાત્રા સંબંધી અન્ય ખર્ચ તેમજ રાજકોટમાં સમયસારજીની સ્થાપના આદિ દ્વારા શ્રી ભીખાલાલ મગનલાલ શાહ પરિવાર (હસ્તે શ્રી હીરાભાઈ) દહેગામવાળાએ તથા સમસ્ત બ્રહ્મચારી બહેનોને બસનું બાકીનું ભાડું રૂા ૫૦-૦૦ આપીને શ્રી દમયંતીબેન રસિકલાલ સંઘવી (કલકત્તા)એ પોતાની પુણ્યોપાર્જિતશ્રીના સદ્વ્યયનો લાભ લીધો હતો.

## * સમ્યક્ત્વજયંતીનો મંગલ દિન *

ફાગણ વદ દશમ-સમ્યક્ત્વજયંતીના રોજ સવારે પૂજ્ય બહેનશ્રીની ઓડિયો ટેપ દ્વારા સ્વાનુભવરસભરી અધ્યાત્મ તત્ત્વચર્ચા, જિનમંદિરમાં દર્શનાદિ બાદ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસારજીની ગાથા ૫૦-૫૫ ઉપર અદ્‌ભુત ટેપપ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય બહેનશ્રીનું વિડિયો દ્વારા માંગલિક અને ત્યાર બાદ જિનમંદિરમાં સમૂહ પૂજનનું વિશાળ આયોજન કરવામાં આવ્યું હતું. કેટલાય મુમુક્ષુઓએ બહાર ઊભા રહીને પૂજનનો લાભ લીધો હતો. સમ્યક્ત્વજયંતીના અવસરે પ્રતિદિન સવારના પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ અને બપોરના શાસ્ત્રવાંચન બાદ આદરણીય પંડિતજી દ્વારા અનુક્રમે સ્વાધ્યાયમંદિરમાં અને જિનમંદિરમાં ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ

પ્રસંગે બપોરે સર્વશ્રી વ્રજલાલભાઈ શાહ, ડૉ. પ્રવિણભાઈ દોશી. તેમજ શશીભાઈ શેઠ દ્વારા શાસ્ત્રપ્રવચન આપવામાં આવ્યું હતું.

આ માંગલિક પ્રસંગે—

| | |
|---|---|
| '૫૯'ના અંકમાં ૫૩૧×૫૯ = | ૩૧૩૨૯ |
| મંડલ વિધાન પૂજા— | ૬૦૦૬ |
| આરતીમાં ૧૫૦×૫૯ (૮૮૫૦) મણ = | ૨૨૧૨૫ |
| અન્ય શુભ ખાતે— | ૧૧૨૩૫ |

કુલ રૂા. ૭૦,૬૯૫/-ની આવક થઈ હતી.

આ પ્રસંગે કાયમી મંડલવિધાન પૂજા—

૧. શ્રી જડાવબહેન નાનાલાલભાઈ જસાણી તથા પરિવાર, મુંબઈ
૨. કેટલાક બ્રહ્મચારી બહેનો તરફથી અને

પ્રાસંગિક મંડળવિધાન પૂજા—

૧. શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ,
૨. ,, નેહા પ્રાણલાલ ગાંધી, મુંબઈ, હસ્તે પ્રતાપ બ્રધર્સ ચાંદીવાળા
૩. ,, પ્રશમ નિર્મલ દોશી, ઘાટકોપર, હસ્તે મહાસુખભાઈ દોશી
૪. ,, જયેશભાઈ દોલતરાય મહેતા, જામનગર, હસ્તે મહેશભાઈ
૫. ,, ધીરજલાલ ભાઈલાલ ડેલીવાળા, મલાડ
૬. ,, ચીમનલાલ પ્રેમજીભાઈ ગોસળીયા, અમદાવાદ

—તરફથી રાખવામાં આવી હતી.

—આ રીતે વિભિન્ન આનંદદાયી આયોજન દ્વારા સુસમ્પન્ન થયેલી આ પાવની ૫૯મી સમ્યક્ત્વજયંતી પૂજ્ય ગુરુદેવ તેમજ બહેનશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં ચિર-સ્મરણીય આનંદોલ્લાસ પ્રસારતી સમાપનને પ્રાપ્ત થઈ. —*—

* જોઈએ છે—શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢના જિનાલયો માટે એક પૂજારીની જરૂર છે. ઇચ્છુક વ્યક્તિએ સંસ્થાની ઓફિસમાં રૂબરૂ સંપર્ક સાધવો.

* સૂચના :—આપના ગામના અને આસપાસના ગામોના સાર્વજનિક વાંચનાલયો (લાયબ્રેરી)ના પૂરા નામ-સરનામા, રોજીંદા વાંચકો અને મેમ્બરોની સંખ્યાની માહિતી, કઈ ભાષા વધુ પ્રચલિત છે તેની વિગત, જૈનધર્મના પુસ્તકો અને આપણા આત્મધર્મ (ગુજરાતી-હિન્દી)ના વાંચકો કેટલા હોઈ શકે તેની સંપૂર્ણ વિગતો સોનગઢ સંસ્થાને મોકલાવવી.

* મહાવીર-જયંતી તથા કહાનગુરુ-ધર્મ-પરિવર્તન દિન ચૈત્ર સુદ-૧૩, ગુરુવાર, તા. ૨૮-૩-૯૧ના રોજ મહાવીર પૂજાભક્તિ, અધ્યાત્મજ્ઞાનોપાસના ઉપરાંત પરિવર્તનધામ—સ્ટાર ઓફ ઇન્ડિયા—ના મકાનમાં બપોરે ૪|| થી ૬ ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતભાઈ શાહે ભાવભીની ભક્તિ કરાવી હતી, તેમજ પરિવર્તન પછીના કેટલાક ગુરુભક્તિભીના સંસ્મરણો સંભળાવ્યા હતા, જે સાંભળીને સર્વે અતીવ પ્રમુદિત થયા હતા અને પરિવર્તનધામની પવિત્ર યાત્રા જેવું બની ગયું હતું. ૧૯૬૬ માં સ્ટાર ઓફ ઇન્ડિયામાં પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલું પ્રવચન સાંજે ટેપ-પ્રવચનના સમયે વગાડવામાં આવતાં જાણે કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત ઉપસ્થિત હોય ને સૌ મુમુક્ષુઓ પ્રવચન-શ્રવણ કરી રહ્યા હોય એવું આનંદોલ્લાસ ભર્યું વાતાવરણ બની ગયું હતું. આ પ્રસંગ નિમિત્તે શ્રી શામજીભાઈ આસુજીભાઈ છેડા (ગોરેગાંવ) તથા શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ જૈન (મલાડ) તરફથી સ્વામીવાત્સલ્ય-ભોજન રાખવામાં આવ્યું હતું.

* શ્રી દાનતીર્થપ્રવર્તન—શ્રી ઋષભદેવ-આહારદાન (અક્ષય ત્રીજ) તા. ૧૬-૫-૯૧, ગુરુવાર તેમજ શ્રી મહાવીર-કેવળજ્ઞાન-કલ્યાણક દ્વિતીય વૈશાખ સુદ દશમ, તા. ૨૩-૫-૯૧, ગુરુવાર વિશેષ પૂજાભક્તિ અધ્યાત્મ-જ્ઞાનોપાસનાના આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

અધ્યાત્મવિદ્યાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સત્-પ્રભાવથી પ્રવૃત્ત ધાર્મિક શિક્ષણવર્ગની પરંપરામાં આ વર્ષે પણ ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ, તા. ૨૬-૪-૯૧, શુક્રવાર થી તા. ૧૦-૫-૯૧, શુક્રવાર--૧૫ દિવસનો રાખવામાં આવશે. જેમાં ઉત્તમ વર્ગમાં પ્રવચનસાર (જ્ઞેય-અધિકાર) તેમજ મોક્ષમાર્ગ (અધિકાર-૭) પર શિક્ષણ આપવામાં આવશે. શિક્ષણાર્થી વિદ્યાર્થીઓ માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :—

* આગરાનિવાસી શ્રી પદમચંદજી જૈનના પિતાશ્રી ગુલાબચંદજી જૈન તા. ૭-૧-૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* પંડિત શ્રી ફુલચંદજી શાસ્ત્રીના ધર્મપત્ની પુતલીબાઈ તા. ૨૯-૧ ૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી ચંપાબેન હિંમતલાલ મોહનલાલ શાહ (વર્ષ-૭૫) તા. ૨૪-૨-૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* પોરબંદરનિવાસી (હાલ મલાડ-મુંબઈ) શ્રી પુષ્પાબેન હરીલાલ બખાઈ (વર્ષ-૭૮) તા. ૨૮-૨-૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વીંછીયાનિવાસી (હાલ મલાડ-મુંબઈ) શ્રી રૂક્ષ્મણીબેન પાનાચંદ ડગલી (વર્ષ-૯૨) તા. ૨-૩-૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મહિદપુરનિવાસી શ્રી ધર્મચંદજી ફુલચંદજી સોગાની તા. ૭-૩-૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વીંછીયાનિવાસી (હાલ-મુંબઈ) શ્રી જેચંદભાઈ હરીલાલ ધોળકીયા (વર્ષ-૭૩) તા. ૭-૩-૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી મૂળજીભાઈ લાખાણીના ધર્મપત્ની શ્રી કસુંબાબેન (વર્ષ-૮૫) તા. ૮-૩-૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૫૦ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમમાં હતા.

* વીંછીયાનિવાસી (હાલ મલાડ-મુંબઈ) શ્રી ઝવેરીબેન રતીલાલ કસળચંદ ડગલી (વર્ષ-૮૩) તા. ૧૦-૩-૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાણાપુર (મ. પ્ર.) નિવાસી બ્રહ્મચારી શ્રી સકુંતલાબેન (સ્વર્ગસ્થ શ્રી માણેકલાલ કસ્તુરચંદ તલાટીના સાળી) (વર્ષ-૫૦) તા. ૧૬-૩-૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નવરંગપુરાનિવાસી શ્રી મંગળદાસ મનસુખલાલ વકીલ (વર્ષ-૯૦) તા. ૨૭-૩-૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—※—

प्रशममूर्ति पूज्य બહેનશ્રી ચંપાબહેનની
પ્રથમ સાંવત્સરિક સમાધિતિથિ નિમિત્તે સોનગઢમાં પાંચ દિવસીય

# * ધાર્મિક કાર્યક્રમ *

[ તા. ૨૭–૫–૯૧ થી તા. ૩૧–૫–૯૧ ]

આપણા પરમ-આધાર, અધ્યાત્મયુગપ્રવર્તક પ્રાતઃસ્મરણીય સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ સ્વાનુભવપરિણત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજી-સ્વામીના સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મશાસનનો પરમોદ્યોત કરનાર સ્વાનુભવ પરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની પવિત્ર સમાધિનો પ્રથમ સાંવત્સરિક દિન દ્વિતીય વૈશાખ વદ-૨, શુક્રવાર તા. ૩૧-૫-૯૧ ના રોજ છે. ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દુઃખદ વિરહની આ વાર્ષિક સમાધિતિથિ નિમિત્તે તા. ૨૭-૫-૯૧, સોમવાર થી તા. ૩૧-૫-૯૧, શુક્રવાર સુધી પાંચ દિવસનો 'ધાર્મિક કાર્યક્રમ'—પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, દેવગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનવૈરાગ્યપોષક આધ્યાત્મિક ટેપ-પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા ઇત્યાદિ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાના વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવશે.

અધ્યાત્મ–વૈરાગ્ય તેમજ દેવગુરુભક્તિ પોષક આ 'ધાર્મિક કાર્યક્રમ'નો લાભ લેવા સકલ મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તરફથી હાર્દિક આમંત્રણ છે.

સૂચના:—આવાસ તેમજ ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

આવશ્યક સ્પષ્ટીકરણ:—ગુજરાતી ભાષામાં આણંદ (ગુજરાત)થી પ્રગટ થતાં 'અનેકાંત'માં પ્રકાશિત થતાં કોઈ પણ વિષય અને લેખ આદિ સાથે શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢને કાંઈ પણ સંબંધ નથી. અમારું એક માત્ર મુખપત્ર 'આત્મધર્મ' છે.

## 卐 જ્ઞાયક....જ્ઞાયક....જ્ઞાયક 卐

ગુરુદેવે તો માર્ગ બતાવ્યો છે. આત્માનું હિત કરવા માટે તે માર્ગે ચાલવાનું છે. જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ એક જ્ઞાયક—આત્મા છે, તેને ઓળખવો. આ બીજું બધું જગતમાં કોઈ સર્વોત્કૃષ્ટ નથી, પોતાનો આત્મા જ એક સર્વોત્કૃષ્ટ છે. તેને માટે થઈને દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા તેમ જ એક જ્ઞાયક...જ્ઞાયક... આત્માનું રટણ અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી, તેની ઉગ્રતા કરવી—જ્ઞાતાપણાની ઉગ્રતા કરવી.

—પૂજ્ય બહેનશ્રી

**If undelivered please return to :-**
**Shri Dig. Jain Swadhyay Mandir Trust**
**SONGADH-364 250 ( INDIA )**

**Licence No. 21 'Licensed to post without prepayment'**

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪ ૨૫૦

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/- પ્રત : ૩૨૦૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ